Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated

FRIDAY, 30 DECEMBER, 2022 Vol. 19, No. 52 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## વિસ્ફોટોથી કીવ ધ્રુજી ઉઠ્યું : અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ

# રશિયા ફરી આક્રમક : યુક્રેન પર મિસાઈલો ઝીંકી

**ખારકીવ**

રશિયાએ નવા વર્ષ પહેલા એક વખત ફરીથી યુક્રેન પર મિસાઈલો છોડવાનું શરૂ કરી દીધું છે. ગુરૂવારના રોજ રશિયાએ યુક્રેન પર 100થી વધુ મિસાઈલો છોડી દીધી હતી. તેના કારણ રાજધાની કીવ અને તેના આસપાસના વિસ્તારોમાં ભારે ખાનાખરાબી સર્જાઈ હતી ક્યાંક રસ્તાઓ પર ઉભેલા વાહનો ધુમાડામાં સળગી ગયા હતા. તો ક્યાંક બિલ્ડિંગોને નુકસાન પહોંચ્યુ હતું. ગુરુવારે સવારથી રશિયાએ મિસાઈલો છોડાવાનું શરૂ કરી દીધું હતું. રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીના સલાહકાર ઓલેક્સી અરેસ્ટોવિચે ફેસબુક પર માહિતી આપતા લખ્યું હતું કે, એક મોટો હવાઈ હુમલો થયો છે. 100થી વધુ મિસાઈલો છોડવામાં આવી છે. મળતી માહિતી મુજબ કીવ, ઝાયટોમીર અને ઓડેસા સહિત અનેક શહેરોમાં વિસ્ફોટના અવાજ સંભળાયા હતા. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન ન થાય તે માટે ઓડેસા અને નિપ્રોપેટ્રોવસ્કમાં પાવર કાપવામાં આવ્યો છે.

સ્વદેશ
2023
સર્વે વાચકો, વિજ્ઞાપનદાતાઓ તથા નાગરિકોને સ્વદેશ પરિવાર તરફથી ઇસુના નવા વર્ષની હાર્દિક શુભેચ્છા
- સ્વદેશ પરિવાર

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

SALON AMIE
EYEBROW THREADING
MONTREAL - LAVAL
HIRING NOW
PART TIME - FULL TIME
Competitive Salary + Tips
આઈબ્રો થ્રેડીંગ માટે જોઈએ છે
TWO PLACES
પાર્ટટાઈમ-ફૂલટાઈમ
5775 VICTORIA # 110 Montreal H3W 2R4
COTE ST CATHERINE
5018 SAMSON, LAVAL H7W2J1
450-973-4040

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટો પીયર્સન એરપોર્ટ પર સામાનના ઢગલા થઈ ગયા

## વાવાઝોડા બાદ પણ ફલાઈટના શિડ્યુલને અસર, સામાનની સ્થિતિ જાણવા માટે સાધારણ કોમ્યુનિકેશનમાં પણ વિલંબ

**ટોરોન્ટો**

કેટલાક મુસાફરો કે જેઓ રજાઓની મોસમ દરમિયાન ટોરોન્ટો પીયર્સનથી બહાર નીકળ્યા હતા. તેમણે મીડિયા સમક્ષ કહ્યું હતુ કે, તેઓએ તેમના ગંતવ્ય સ્થાનો પર જવા માટે અને તેમના સામાનની સ્થિતિ જાણવા માટે સાધારણ કોમ્યુનિકેશ સાથે તેમના સામાનની દિવસો સુધી રાહ જોઈ છે. પીયર્સન એરપોર્ટની સ્થિતિ દર્શાવે છે કે, શિયાળાના મોટા વાવાઝોડા પછી એરપોર્ટ પર સામાનનો ઢગલો થઈ ગયો છે. જથ્થા બંધ ફ્લાઈટો મોડી પડી હતી કે રદ્દ થઈ હતી. જેને કારણે રજા માણવા નીકળેલા ઘણા પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. ગ્રેટર ટોરોન્ટો એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે, પિયર્સન હવામાન સંબંધિત ફ્લાઈટમાં વિક્ષેપ તેમજ ટાંચા સાધનોને કારણે



સામાનનો ભરાવો થઈ ગયો છે. સેન્ટ કેથેરીન્સ, ઓન્ટે.ના જેસન લોંગે જણાવ્યું હતું કે, તેઓ ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ રદ્દ થયાના દિવસો પછી બોક્સિંગ ડે પર હેલિફેક્સ પહોંચ્યા હતા. એરપોર્ટ સ્ટાફ દ્વારા માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું કે, તેમનો સામાન પીયર્સનના પ્લેનમાં ક્યારેય મુકવામાં આવ્યો જ ન હતો.

એમહર્સ્ટ, N.S.માં તેની માતાની મુલાકાત લેતા લોંગે કહ્યું હતું કે, મૂળ આયોજન કરતાં હવે આ એક ટૂંકો પ્રવાસ છે. હું ઑન્ટેરિયો પાછા જતો હોઉં તે પહેલાં મારો સામાન અહીં મળી જશે કે કેમ તેની મને ખાતરી નથી. એ પછી તેઓ બે દિવસમાં પાછા ફર્યા હતા. લોંગે કહ્યું કે તેને ટોરોન્ટો પીયર્સન અને તેની એરલાઈન સ્વૂપ તરફથી તેની બેગની સ્થિતિ અને તે ક્યારે અથવા કેવી રીતે પરત કરવામાં આવશે તે અંગે થોડી માહિતી આપવામાં આવી છે, જે ખૂબ જ નિરાશાજનક છે.

# ટોરોન્ટોમાં નોર્થ યોર્ક હાઈરાઈઝની બાલ્કનીમાંથી પડી જતાં એકનું મોત

## મૃતકની ઓળખ કરવા પોલીસની કવાયત, ફોરેન્સિક વિભાગની મદદ લેવાઈ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોની પોલીસ વૉચડોગ એક શખ્સના કેસની તપાસ કરી રહી છે, જે ક્રિસમસના દિવસે ટોરોન્ટોમાં નોર્થ યોર્ક હાઈરાઈઝની બાલ્કનીમાંથી પડીને મૃત્યુ પામ્યો હતો. એક મીડિયા રીલીઝમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ (SIU) એ જણાવ્યું હતુ કે, આ શખ્સ 34 વર્ષનો હતો. SIU અનુસાર લગભગ સવારે 5:10 વાગ્યે ET, ટોરોન્ટો પોલીસ સર્વિસના અધિકારીઓ 155 એન્ટિબ્સ ડૉ.ખાતેના એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં ડિસ્ટર્બન્સ કૉલ માટે ગયા હતા. આ સમયે અધિકારીઓને એપાર્ટમેન્ટની બાલ્કનીમાં એક માણસ મળ્યો હતો. પડોશીની બાલ્કનીમાંથી અધિકારીઓએ તેની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. આશરે સવારે 6:50 વાગ્યે, તે વ્યક્તિ બાલ્કનીમાંથી જમીન પર પડી ગયો અને તેને ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ કેસ બે તપાસકર્તાઓ અને એક ફોરેન્સિક તપાસકર્તાને સોંપવામાં આવ્યો હોવાનું પણ એસઆઈયુએ જણાવ્યું હતું.

SIUએ કહ્યું છે કે, જેમની પાસે આ કેસ વિશેની માહિતી હોય તેમને 1-800-787-8529 ઉપર મુખ્ય તપાસકર્તાનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

THINKING OF
BUYING, SELLING OR INVESTING?
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
મોર્ટગેજ જોઇયે છે? અમે મદદ કરી શકીએ છીએ!
CALL 416 893 4585 TODAY!!!
SUBHRO CHAKRABORTY SALES REPRESENTATIVE
SUDHIR PARMAR SALES REPRESENTATIVE

Call us TODAY for all of your Real Estate needs and get honest, reliable and professional Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial
MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER : TEAM LEADER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેથ્થા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

# નવા વર્ષમાં કેનેડિયનોનું મુખ્ય લક્ષ્ય દેવું ચૂકવવાનું રહેશે : CIBC પોલ

## આવતા વર્ષે મંદીની સંભાવના વધુ, વર્ષમાં દર ચાર નાગરિક પૈકી એકનું દેવુ વધ્યું

**ઓન્ટેરિયો**

CIBCના વાર્ષિક નાણાકીય પ્રાથમિકતાઓના મતદાન અનુસાર, 2023ને આવકારતા કેનેડિયનો માટે દેવું ચૂકવવું એ નંબર વન નાણાકીય લક્ષ્ય છે. ટોચની નાણાકીય ચિંતાઓ, CIBC અહેવાલો, ફુગાવો, વધતા વ્યાજ દરો અને સામાન્ય મંદીનો ભય છે ત્યારે 55 ટકા કેનેડિયનો માને છે કે, તેઓને નાણાકીય અનિશ્ચિતતાઓ પર પકડ મેળવવાની જરૂર છે. સરવેમાં ચારમાંથી એક વ્યક્તિએ છેલ્લા વર્ષમાં વધુ દેવું કર્યું હોવાનુ તારણ પણ નીકળ્યુ છે.

CIBCના નાણાકીય અને રોકાણ સલાહના વાઈસ પ્રેસિડેન્ટ કેરિસા લ્યુરેઝિયાનોએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, વર્તમાન આર્થિક વાતાવરણ સમજી શકાય તે રીતે કેનેડિયનોને 2023 માટે તેમની નાણાકીય પ્રાથમિકતાઓનું પુનઃમૂલ્યાંકન કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. જ્યારે વસ્તુઓ અનિશ્ચિત લાગે છે, ત્યારે લોકો માટે તેમનાં નિયંત્રણનાં ક્ષેત્રમાં શું છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણ છે. નાણાકીય વ્યાવસાયિક કેનેડિયનોને અણધારી યોજના બનાવવામાં મદદ કરી શકે છે અને આગામી વર્ષમાં પડકારોનો સામનો કરવામાં આવે ત્યારે તેઓ આત્મવિશ્વાસ અનુભવી શકે છે. પરંતુ આવતા વર્ષે મંદીની સંભાવના વધી રહી છે, જેના વિશે મોટાભાગના મતદાન સહભાગીઓ (73 ટકા) ચિંતિત હોવાનો દાવો કરે છે.

આ ચિંતાઓ હોવા છતાં, મોટાભાગના સહભાગીઓ (63 ટકા) હજુ પણ તોફાનનો સામનો કરવા માટે નાણાકીય રીતે તૈયાર હોવાનું અનુભવે છે, અને 59 ટકા માને છે કે તેમની નાણાકીય પરિસ્થિતિ સંપૂર્ણપણે મંદીનો સામનો કરી શકે એવી છે. મતદાનમાં એ પણ જાણવામાં મળ્યું છે કે, 2023માં આગળ વધતી અન્ય ટોચની પ્રાથમિકતાઓમાં બિલ અને વધતા રોકાણોનો સમાવેશ થાય છે અને ગૌણ નાણાકીય ઉદ્દેશ્યોમાં બચતમાં વધારો, દેવું ટાળવું (24 ટકા) અને વેકેશન માટે બચતનો સમાવેશ થાય છે.

# B.Cમાં ક્રિસમસની પૂર્વ સંધ્યાએ સર્જાયેલી બસ દુર્ઘટનામાં અમૃતસરના યુવાનનું મોત

## મૃતક ભારતમાં પત્ની અને 2 બાળકોને છોડી ગયો, કુલ ચારના મોત થયા હતા

**બ્રિટીશ કોલંબિયો**

બી.સી.ની પૂર્વમાં ક્રિસમસની પૂર્વસંધ્યાએ થયેલી એક જીવલેણ બસ દુર્ઘટનાના ચાર પીડિતોમાંથી એકની ઓળખ 41 વર્ષીય કરણજોત સિંહ સોઢી તરીકે કરવામાં આવી છે. કલવિંદર સિંઘે કહ્યું કે તેઓ તેમના પિતરાઈ ભાઈ સાથે રજાઓ ગાળવા આતુર હતા, પરંતુ હવે તેઓ સોઢીના અવસાન અંગે શોક અનુભવી રહ્યા છે. તેઓ દયાળુ અને મહેનતુ હોવાનું તેમણે જણાવ્યું હતું. ટ્રક ડ્રાઈવરે જણાવ્યું હતુ કે, છેલ્લા બે દિવસથી હું ખૂબ જ દુઃખી છું. ભારતના પંજાબના રહેવાસી સોઢી ઓસ્ટ્રેલિયામાં સમય વિતાવ્યા બાદ ત્રણ મહિના પહેલા કેનેડા આવ્યા હતા. તેઓ તેમના વતન અમૃતસરમાં પત્ની અને બે બાળકો- એક છ વર્ષનો પુત્ર અને બે વર્ષની પુત્રીને પાછળ છોડી ગયા છે. પિતરાઈ ભાઈઓ એક વીડિયો કોલ પર હતા. સિંઘનું માનવું છે કે દુર્ઘટનાના લગભગ 30 મિનિટ પહેલા જ તેનો અંત આવ્યો હતો. સોઢીની સરે, બી.સી.ની આગામી મુલાકાત અને તેઓ જે પાર્ટી કરવાના હતા તેની ચર્ચા કરતા તેઓ ખૂબ હસ્યા હતા અને એકબીજાની મજાક ઉડાવી હતી. લગભગ 10 વાગ્યે, જ્યારે સોઢી સરે પહોંચ્યા નહીં, ત્યારે સિંહે કહ્યું કે તેની પત્ની ચિંતા કરવા લાગી હતી. સોઢી પણ તેમના ફોનનો જવાબ આપી રહ્યા ન હતા. ત્યારે સિંહે પોલીસને બોલાવી હતી. લગભગ એક કલાક પછી, પરિવારને તેમના પિતરાઈ ભાઈને નડેલા અકસ્માતની જાણ થઈ હતી, જેમાં કેટલાક લોકો મૃત્યુ પામ્યા હતા. સિંઘે કહ્યું કે તેણે આ વિસ્તારની હોસ્પિટલોને ફોન કરીને મૃતકોમાં સોઢીનો સમાવેશ થાય છે કે કેમ એ જાણવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ ક્રિસમસના દિવસે પોલીસે તેને બોલાવીને જણાવ્યું કે તેનો પિતરાઈ ભાઈ પીડિતોમાંનો એક હતો.

# ઝીરો કોવિડ નીતિને કારણે ચાઈનીઝ નાગરિકોનું કેનેડામાં ઈમિગ્રેશન વધ્યું

## રોગચાળાના કડક નિયમો કારણે અરજીની સંખ્યા વધી, ઈન્કવાયરી હજી પણ ચાલુ

**વાનકુંવર**

ચીનની જીરો કોવિડ નીતિને કારણે ગયા અઠવાડિયામાં દેશભરમાં વિરોધ થયો હતો ત્યારે કેનેડાના ઈમિગ્રેશન ઉદ્યોગના નિષ્ણાંતો કહે છે કે, રોગચાળાના કડક નિયમો પણ કેનેડામાં રહેવાની અરજીઓમાં વધારો કરી રહ્યા છે. ચાઈનાથી ઈમિગ્રેશન રોગચાળાની મંદીમાંથી બહાર આવીને નવી ટોંચ ઉપર પહોંચ્યું છે. કેનેડિયન સરકારના આંકડાઓ અનુસાર ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ પાસે પણ ઈન્કવાયરીમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લાર્લી રોસેનબર્ગના સહસ્થાપક અને ભાગીદાર વાનકુંવર ઈમિગ્રેશન વકીલ રાયન રોસેનબર્ગે જણાવ્યું હતું કે, સંભવિત ચાઈનીઝ ઈમિગ્રન્ટ્સ માટે કોવિડ પ્રતિબંધો પ્રેરકબળ પૂરું પાડનારા છે. મને લાગે છે કે, આપણે જે જોઈ રહ્યા છીએ તે એવું છે કે કોવિડ લોકડાઉન ખરેખર લોકોને આંચકો આપે છે અને તેના કારણે લોકોને લાગે છે કે કદાચ ચીન તેમના અને તેમના પરિવારો માટે યોગ્ય નથી.



છેલ્લાં 20 વર્ષથી વધુ સમયથી આ ઉદ્યોગ સાથે સંકળાયેલા રોસેનબર્ગે જણાવ્યું હતું કે, ચાઈનીઝ ગ્રાહકો માટે કેનેડાનું પરંપરાગત ડ્રાઈવિંગ, તેમના બાળકો માટે વધુ સારું શિક્ષણ, સ્વચ્છ હવા અને તંદુરસ્ત જીવનશૈલી છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડાના ઓનલાઈન આંકડા દર્શાવે છે કે, જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચીનમાંથી કાયમી નિવાસી પ્રવેશ 9,925 ઉપર પહોંચ્યો હતો, તે 2020ના સમાન ક્વાર્ટરમાં 2,980ના રોગચાળાના નીચા કરતાં ત્રણ ગણા કરતાં વધુ છે, અને તે પણ 2019ના ત્રીજા ક્વાર્ટરમાં, રોગચાળાના હિટ પહેલા નોંધાયેલા 8,690થી 15 ટકા વધારે છે. ઓનલાઈન આંકડાઓ જોઈએ તો ચીનમાંથી ત્રિમાસિક પ્રવેશ હવે 2015થી કોઈપણ પોઈન્ટ કરતાં વધુ છે. ઈમિગ્રેશન કેનેડાના પ્રવક્તા 2015 પહેલા ઈમિગ્રેશન દરો વધારે હતા કે કેમ તેની પુષ્ટિ કરવા માટે હાજર ન હતા. રોસેનબર્ગે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે સત્તાના એકત્રીકરણને ટાંકીને જણાવ્યું હતું, રાજનીતિ પણ એક પરિબળ છે, જેમની તાજેતરમાં આગામી ત્રીજી મુદત માટે પસંદગી કરવામાં આવી હતી.

AVAILABLE SERVICES:
• Best Money Transfer rates To All Across The World
• Currency Exchange Available For More Than 30 Currencies
• Direct Bank Deposit and WIRE Transfer
• Home Delivery Available For India**
• Cash Pick up & Bank Deposit to India & Pakistan
• Payment After Remittance**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
REMITTANCE PARTNER
WESTERN UNION
INSTANT CASH
Ria MONEY TRANSFER
XPRESS MONEY
& more...
SEND MONEY TO
INDIA, DUBAI, ABU DHABI, KUWAIT, SAUDI ARABIA, PAKISTAN, OMAN, QATAR, BANGLADESH, SRI LANKA, UNITED KINGDOM, USA, AUSTRALIA, NEW ZEALAND
Bring Money, Send Money & Currency Exchange
"Best Money Transfer Rates For India And Pakistan"
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan & Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
# 102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416-901-9995, 416-439-9995

Travel Services
SPECIAL OFFERS
KLM Royal Dutch Airlines
(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)
16 DEC BOM AMS TORONTO
20 DEC BOM AMS TORONTO
13 JAN 2023 BOM AMS TORONTO
16 JAN 2023 BOM AMS TORONTO
الاتحاد ETIHAD
KLM Royal Dutch Airlines
TORONTO - BOMBAY - TORONTO $2799 Including Tax
05 DEC TORONTO BOM
05 DEC TORONTO BOM
13 JAN BOM TORONTO
16 JAN BOM TORONTO
tico.ca 50018836
LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# ૧૭૩૦ કરોડની ઠગાઈ, બેંકીગ ક્ષેત્રની રોલ મોડલ ચંદા જેલમાં



તંત્રી - સ્વદેશ

ભારતમાં કલર ટી.વી.નું આગમન થયું તે પછી વીડિયોકોનનું નામ જાણીતું થયું, ભારતમાં જેટલા પણ કલર ટી.વી. સેટ વેચાતા હતા તેમાંના મોટાભાગના વીડિયોકોન કંપનીના હતા. વીડિયોકોનના માલિક વેણુગોપાલ ધૂતની ગણતરી એક સમયે ભારતના ટોચના ઉદ્યોગપતિઓમાં થતી અને ફોર્બ્સ મેગેઝિનની યાદીમાં તેમનું નામ ચમકતું હતું. વીડિયોકોન કંપની એટલી સદ્ધર હતી કે તેણે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શાહરૂખ ખાનને રાખ્યો હતો. ટી.વી.ના ક્ષેત્રથી પ્રારંભ કરીને વીડિયોકોને પોતાનું સામ્રાજ્ય ઓઈલ અને ગેસ, રિયલ એસ્ટેટ અને રિટેલ, હોમ એપ્લાયન્સીસ, કોન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વગેરે ક્ષેત્રોમાં વિસ્તાર્યું હતું. વેણુગોપાલ ધૂતની મહત્ત્વાકાંક્ષા ભારતના જ નહીં પણ દુનિયાના સૌથી અમીર બનવાની હતી. આ મહત્ત્વાકાંક્ષામાં જ તેમણે પોતાના ગજા બહારનું જોખમ વહોરી લીધું. બેન્કો પાસેથી અબજો રૂપિયાની લોન લઈને તેમણે જે જુગાર ખેલ્યો તે તેના માટે મુસીબત નોતરનારો બન્યો. હાર્યો જુગારી બમણું રમે તે રીતે તેમણે વધુને વધુ લોન લીધે રાખી હતી, અને તેના માટે ઠગાઈ કરતા પણ અચકાયા નહીં.

આઈસીઆઈસીઆઈ બેન્કને નવડાવવામાં તેમણે ચંદા કોચર સાથે મળીને ગોટાળા કર્યા. હવે ચંદા કોચર અને તેમના પતિની ધરપકડ પછી વેણુગોપાલ ધૂતને પણ જેલમાં જવાની નોબત આવી છે.ચંદા કોચર સાથે તેમના પતિ દીપક કોચરને પણ સીબીઆઈ જેલની યાત્રા કરાવવા લઈ ગઈ છે. ચંદા અને દીપક કોચર સામે વીડિયોકોન ગ્રુપને લોન આપવામાં ભ્રષ્ટાચાર તથા બેંક સાથે છેતરપિંડી કરવા સહિતના આરોપ છે. ચંદા-દીપક સામે લાંબા સમયથી તપાસ ચાલતી હતી. બંને સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સીબીઆઈએ અલગ અલગ કેસ નોંધ્યા છે. આ પૈકીના આઈસીઆઈસીઆઈ બેંક સાથે ૧૭૩૦ કરોડની છેતરપિંડી કરવાના કેસમાં કોચર કપલે જેલની હવા ખાવાનો વારો આવ્યો છે. સીબીઆઈએ કોચર દંપતિને જેલભેગાં કર્યાં તેના બે દાડા પછી ધૂતને પણ સાણસામાં લેતા હવે કૌભાંડી ત્રિપુટી જેલની હવા ખાતી થઈ ગઈ છે.

સીબીઆઈએ ચંદા-દીપક કોચર અને વેણુગોપાલ ધૂત સામે આઈસીઆઈસીઆઈ બેંક સાથે ઠગાઈનો કારસો રસી કાઢ્યો હોવાનો આરોપ મુક્યો છે. કોચરે પોતાની વગ અને સત્તાનો ઉપયોગ કરીને પહેલાં તો કૌભાંડને દબાવવા પ્રયત્ન ઉધામા કર્યા, આઈસીઆઈસીઆઈ બેંકના બોર્ડે પણ કોચરને સાથ આપ્યો, પણ એક વ્હીસલબ્લોઅરે કૌભાંડની વિગતો ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ માટે જાણીતા એક ટોચના અંગ્રેજી અખબારને આપી તેમાં ભાંડો ફૂટી ગયો. ૨૦૧૮માં ચંદાએ બેઆબરૂ થઈને આઈસીઆઈસીઆઈ બેંક છોડવી પડેલી. આઈસીઆઈસીઆઈ બેંકે પણ વીડિયોકોન ગ્રુપને આપેલી લોન નોન પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ) જાહેર કરીને ચંદા કોચર સામે ફરિયાદ કરવી પડી. ચંદા કોચર ઈડી, સીબીઆઈ, ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટની તપાસના ચક્રવ્યૂહમાં ફસાતાં ગયાં. ભ્રષ્ટાચાર, છેતરપિંડી, મની લોન્ડરિંગ વગેરેના કેસો થતા ગયા. એક સમયે દેશના ટોચના ઉદ્યોગપતિઓ જેમને મળવા લાઈન લગાવતાં એ ચંદા કોચર વકીલોને ત્યાં ચક્કર લગાવતાં થઈ ગયાં. આ વકીલોની મદદથી છેલ્લા ત્રણેક વરસથી એ જેલમા જવાથી બચતાં હતાં પણ કોચર દંપતિના કાળાં કામોના ચોપડામાંથી એક પછી એક પાનાં ખૂલતાં ગયાં, તેમા વકિલો પણ હાંફી ગયા.

આખરે આજે કોચર દંપતિને જેલના સળિયા પાછળ ધકેલાયુ છે. ચંદા કોચર સીઈઓ હતાં ત્યારે આઈસીઆઈસીઆઈ બેંકે વીડિયોકોન ગ્રુપને ૩૨૫૦ કરોડ રૂપિયાની લોન આપી હતી. ૨૦૧૨માં આ લોન મંજૂર કરવામાં આવી પછીના છ મહિનામાં જ મંજૂર કરાયેલી લોનમાંથી લગભગ અડધી રકમ કોચર પરિવાર પાસે જતી રહેલી. સીબીઆઈએ સીબીઆઈએ ચંદા કોચર, તેમના પતિ દીપક કોચર અને વીડિયોકોન ગ્રુપના ચેરમેન વેણુગોપાલ ધૂત ઉપરાંત નુપાવર રિન્યુએબલ્સ, સુપ્રીમ એનર્જી, વીડિયોકોન ઈન્ટરનેશનલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ સામે કેસ કર્યો છે. સીબીઆઈનો આરોપ છે કે, આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી ૩૨૫૦ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી તેના છ મહિના પછી વીડિયોકોનના પ્રમોટર વેણુગોપાલ ધૂતે દીપક કોચર અને તેમના બે સંબંધી સાથે મળીને નુપાવર કંપનીમાં કરોડો રૂપિયા રોકેલા. ૨૦૦૮માં બનેલી આ કંપનીમાં દીપક કોચર અને વેણુગોપાલ ધૂત ભાગીદાર હતા, પણ લોન મળ્યાના થોડા સમય પછી ધૂતે આ કંપનીની માલિકી દીપક કોચરના એક ટ્રસ્ટને માત્ર ૯ લાખ રૂપિયામાં વેચી દીધી હતી. એ પછી ધૂતે થોડાક મહિના સુધી આઈસીઆઈસીઆઈ બેંકને લોનના હપ્તા ચૂકવ્યા અને પછી બંધ કરી દીધા. ૨૦૧૭માં ચંદા કોચર સીઈઓ હતાં ત્યારે જ વીડિયોકોનને અપાયેલી લોનને એનપીએ જાહેર કરી દેવાયેલી.

વેણુગોપાલ ધૂતે ચંદા-દીપકને સાઉથ મુંબઈમાં પોશ એરીયામાં લક્ઝરીયસ પ્રોપર્ટી પણ આપી છે. વીડિયોકોન ગ્રુપ સાથે સંકળાયેલી કંપનીઓએ સાવ સસ્તા ભાવે કોચર દંપતિને આપેલી આ પ્રોપર્ટીના સોદાનો ભાંડો પણ ઈન્કમટેક્સ વિભાગની તપાસમાં ખૂલ્યો છે. ચંદાએ નાણાંની લાલચમાં પોતાની યશસ્વી કારકિર્દીને ધૂળધાણી કરી નાંખી છે. અલબત ચંદાનું બેકિંગ સેક્ટરમાં યોગદાન જોતાં આવનારી પેઢીઓ પણ તેમને પ્રેરણારૂપ માને એવો તેમનો પ્રભાવ હતો, એવું માન-સન્માન તેમને મળતું હતું. ચંદા કોચરની શૈક્ષણિક અને બેન્કિંગ કરીયર બંને ઉજ્જવળ મનાતી હતી. કોસ્ટ એકાઉન્ટન્સીમાં ડીગ્રી અને મેનેજમેન્ટમાં માસ્ટર્સ ડીગ્રી ધરાવતાં ચંદા કોચર કોલેજમાં રેન્કર હતાં અને ગોલ્ડ મેડલ સાથે માસ્ટર્સ તેણે ડીગ્રી મેળવી હતી.

આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧૯૮૪માં સાવ નીચલા સ્તરે નોકરી શરૂ કરીને સર્વોચ્ચ સ્થાને પહોંચનારાં ચંદા એક સમયે કરોડો ભારતીય યુવાઓ માટે રોલ મોડલ ગણાતાં હતાં. ફોર્બ્સ અને ટાઈમ જેવાં આંતરરાષ્ટ્રીય મેગેઝિન્સના પાવર લિસ્ટમાં ચંદા કોચરને દર વર્ષે સ્થાન મળતું. ભારત સરકારે ચંદાને બેકિંગ સેક્ટરમાં આપેલા યશસ્વી યોગદાન બદલ પદ્મશ્રી અને પદ્મવિભૂષણ જેવા એવોર્ડ્સ પણ આપ્યા છે.

કમનસીબે લોભ લાલચમાં આવેલા ચંદા કોચરે બેંક સાથે જ ખેલ કરવામાં પોતાની આબરૂની ધૂળ ધાણી કરી નાંખી છે. અત્યારે ૬૧ વર્ષની ઉંમરે જેલમાં રહેવું પડે એવા કપરા દિવસો આવી ગયા છે. ચંદા કોચર સામે મની લોન્ડરિંગનો કેસ છે. આ કેસમાં ઈડીએ તેમની માત્ર ૭૮ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

manoj1968@yahoo. ca






# સુરતમાં પૂર્વ પતિએ લગ્નના બહાને પત્નીને એચઆઈવી વાળું ઈન્જેકશન આપી દીધું

## 15 વર્ષ પૂર્વે પ્રેમલગ્ન કર્યા પરંતુ બે સંતાન હોવા છતા શંકા રાખી ત્રાસ ગુજારતા છુટાછેડા લીધા

**સુરત**

શહેરના મુગલીસરા વિસ્તારની પ્રેમલગ્ન કરનાર બે સંતાનની માતા સાથે છુટાછેડા લીધા બાદ પુનઃ તારી સાથે લગ્ન કરવા છે એમ કહી વાતચીત કરવાના બહાને ફરવા લઈ ગયા બાદ રાંદેર રોડ તાડવાડી વિસ્તારમાં લઈ જઈ અંધારાનો લાભ લઈ જબરજસ્તી હગ કરવાના બહાને થાપા પર એચઆઈવી પોઝીટીવ લોહીવાળું ઈન્જેકશન મારી હેવાનીયત ભર્યું કૃત્ય આચાર્યુ હતું.

રાંદેર પોલીસ સ્ટેશનમાં 15 વર્ષ અગાઉ પ્રેમલગ્ન કરનાર પત્નીના ચારિત્ર્ય અંગે શંકા રાખી સ્લો પોઈઝન રૂપે પત્ની અને તેની સાથે સંબંધ ધરાવનારને મારવાના બદઈરાદે હેવાનીયત ભર્યુ કૃત્ય આચાર્યાની ફરીયાદ નોંધાય છે. હાલમાં મુગલીસરાના મસક્ન એપાર્ટમેન્ટમાં રહેતી યાસ્મીન અમીમુદ્દીન સેરઅલી સૈયદ (ઉ.વ. 30) પંદર વર્ષ અગાઉ ડ્રાઈવીંગ કામ કરતા શંકર મોહન કામળે (ઉ.વ. 35 રહે. સુમન શાંતિ આવાસ, મોરાભાગળ) સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ બંનેને મનમેળ નહીં હોવાથી બે મહિના અગાઉ છુટાછેડા લઈ યાસ્મીન બે સંતાન સાથે પિયરમાં રહેતી હતી. પરંતુ ગત રોજ શંકરે કોલ કરી મારે તને મળવું છે એમ કહી ઘરે ગયો હતો. જયાંથી તારી સાથે મારે પુનઃ લગ્ન કરવા છે એમ કહી ફરવા લઈ જઈ શોપીંગ કર્યુ હતું. ત્યાર બાદ ઢળતી સાંજે રાંદેર રોડ તાડવાડી સ્થિત રાયન સ્કૂલ નજીક ખુલ્લી જગ્યામાં લઈ જઈ હગ કરવાના બહાને યાસ્મીનના ડાબા થાપા પર ઈન્જેકશન કંઈક મારી દીધું હતું.

# ભૂંડથી પાકને બચાવવા લગાડેલા તારથી કરંટ લાગતાં ખેડૂત પરિવારના 3ના મોત

**વાલોડ**

વાલોડ તાલુકાના મોરદેવી ગામે રહેતા ખેડૂત ધીરુભાઈ ચૌધરી, તેમના પત્ની ક્રિષ્નાબેન ચૌધરી સાથે રહેતાં હતાં અને ક્રિષ્નાબેનનો પુત્ર દેવરામ ઉર્ફે શૈલેષ ચૌધરી પણ સાથે રહેતો હતો. ધીરુભાઈ ચૌધરીના ખેતરમાં જંગલી ભૂંડોનો ત્રાસ હોવાને કારણે તેમણે ખેતરની આસપાસ વીજ કરંટના તાર લગાવ્યા હતા, જેનું કનેક્શન ધીરુભાઈના ઘરમાંથી લેવામાં આવ્યું હતું. તેઓ દરરોજ તારની સ્વિચ બંધ કરીને ખેતરમાં પાણીની પાઈપ વાળવા જતા હતા, પરંતુ આજરોજ ધીરુભાઈનો પુત્ર તારની સ્વિચ બંધ કરવાનું ભૂલી ગયો હતો. વહેલી સવારે ખેતરમાં ધીરુભાઈ ચૌધરી પહોંચ્યા હતા અને પાણીની પાઈપ વાળતા હતા. તે સમયે જમીનમાં ભેજને કારણે તેમને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. ધીરુભાઈને વીજ કરંટ લાગતાં તેમને બચવાવા માટે ક્રિષ્નાબેન દોડી ગયા હતા અને તેઓ પણ વીજ કરંટના સંપર્કમાં આવી જતાં બૂમાબૂમ કરી મૂકી હતી. માતાની બૂમો સાંભળીને દોડી આવેલા પુત્ર શૈલેષ પણ માતા-પિતાને બચવાવા જતાં કરંટના સંપર્કમાં આવી ગયા હતા. વીજ કરંટ લાગતાં માતા પિતા અને પુત્ર ત્રણેયનું ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા.

# સુરત માનપાની તિજોરી તળિયાઝાટક છતાં મેયરના બંગલા પાછળ લાખોનો ખર્ચ

**સુરત**

એક વર્ષેમાં સુરતના મેયરના બંગલા પાછળ રૂ. 26 લાખના ખર્ચ કરાતા AAPના કોર્પોરેટરોએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સુરત નગર પાલિકા પાસે લોકોના કામ માટે બજેટ નથી ત્યારે પ્રજાના પૈસે સુરતના મેયર હેમાલી બોઘાવાલા આલીશાન બંગલામાં આરામદાયક જીવન જીવી રહ્યા છે. કોર્પોરેટર મહેશ અણઘણ દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં માહિતી મળી કે, સુરતના મેયરના બંગલામાં 4 માર્શલ, 6 પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડ, 1 ગાર્ડનના બેલદાર અને લાઈટ બિલ પાછળ છેલ્લા એક વર્ષમાં કુલ 26,63,198 રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. AAPના કોર્પોરેટરના જણાવ્યા પ્રમાણે મેયરના બંગલામાં દર વર્ષે 4 માર્શલ પાછળ 12,32,448 રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.

# સુરતમાં ત્રિપલ મર્ડર : કારીગરોએ મળીને કારખાના માલિક સહિત 3ની હત્યા કરી

સુરત : સુરત અમરોલી ટ્રિપલ મર્ડર હત્યા મામલાથી અમરોલી વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. વેદાંત ટેક્સો નામના એમ્બ્રોઈડરીના કારખાનામાં મારામારીની ઘટના બની હતી. કારીગરો અને કારખાનાના માલિક વચ્ચે બોલાચાલી થઈ હતી. જેના બાદ કારીગરે મળતીયાઓને બોલાવી કારખાનાના માલિક પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણ લોકોના મોત નિપજ્યાં છે. કારીગરે ચપ્પુથી કારખાનાના માલિક તેમજ તેમના પિતા પર હુમલો કર્યો હતો. મારામારીમાં વચ્ચે માલિકના મામા બચાવવા જતા તે પણ ઈજાગ્રસ્ત



થયા હતા. આ ઘટના બાદ હોસ્પિટલ બહાર મોટી સંખ્યામાં વેપારીઓ ભેગા થયા હતા. સાથે જ આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે..આ હુમલામાં કારખાના માલિક કલ્પેશ ધોળકીયા, તેના પિતા ધનજીભાઈ અને મામા ઘનશ્યામભાઈ એમ ત્રણે જણાના મોત થયા હતા.

# ઝગડિયા નજીક કપાસ વીણતી મહિલા ઉપર ભરબપોરે દીપડાનો હુમલો

**ભરૂચ**

ઝઘડીયાના ગામે કપાસ વીણવા ગયેલી મહિલા ઉપર ભરબપોરે દીપડાએ હિંસક હુમલો કરતા ફફડાટ મચી ગયો હતો. હુમલો થતાં મહિલાને અન્ય ખેત મજૂરોએ બચાવી લીધી હતી. ઝઘડિયા તાલુકાના પાણેથા ગામે ખેતમજૂરી કરતી ભારતીબેન તડવી પોતાના પરિવાર સાથે રહે છે. રવિવારે ભરબપોરે કામના જયમીનભાઈ પ્રજાપતિના ખેતરે કપાસ વીણવા માટે ભારતીબેન તડવી ગયા હતા. બપોરના સમયે કપાસ વણતી વખતે પાછળથી આવીને ભારતીબેન ઉપર દીપડાએ એકાએક હુમલો કર્યો હતો. ભારતીબેનની સાથે આવેલા અન્ય ખેત મજૂરોએ હુમલો થતા દોડી જઈ મહિલાને બચાવી લીધી હતી. દીપડાના હુમલામાં ભારતીબેનને ગરદન ઉપર પંજો લાગતા ઈજા થતાં ઉમલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ આવ્યા હતા.




# વડોદરામાં ગુજરાતના સૌથી લાંબા 3.50 કિમી બ્રિજનું CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટન

**વડોદરા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરામાં ભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેઇના જન્મ દિન એવા સુશાસન દિવસે સમગ્ર ગુજરાતમાં શહેરી વિસ્તારમાં રૂ.230 કરોડના ખર્ચે નિર્માણ થયેલા સૌથી લાંબા 3.50 કી.મી.ના નવીન ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ સમા વિસ્તારમાં રૂ.64.82 લાખના ખર્ચે નિર્માણ થયેલ ઉદ્યાનનું લોકાર્પણ કરવા સાથે વડોદરાનું ગૌરવ એવી ઐતિહાસિક ઈમારત ન્યાયમંદિરનું વડોદરા મહાનગરપાલિકાને હસ્તાંતરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ વડોદરા સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. દ્વારા પ્રકાશિત "Majestic Vadodara - page from the Past" પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. આ અવસરે વડોદરાના વૈભવ વારસાને ઉજાગર કરતા કલાધર વિદ્યાર્થીઓએ દોરેલા ચિત્રો



મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યા હતા. તેમણે બ્રિજની મુલાકાત પણ લીધી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓને સીએમ ડેશ બોર્ડ સાથે જોડી તેનું મોનિટરિંગ કરવાનું શરૂ કર્યું છે. જેથી શહેરીજનોને મુશ્કેલીઓ ઓછી પડે તેની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે.

# વસોના નાયબ મામલતદાર ઘરના બાથરૂમમાંથી મૃત હાલતમાં મળ્યા

## પત્ની અને 11 વર્ષની દીકરી સૌરાષ્ટ્રના પ્રવાસે ગયા હતા

**નડિયાદ**

વસો મામલતદાર કચેરીમાં પુરવઠા વિભાગમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા માતર તાલુકાના માલાવાડા ગામના પરેશભાઈ નાનજીભાઈ મકવાણા નડિયાદ મંજીપુરા રોડ બાલાજી પાર્ક સોસાયટીમાં મકાન નં ૩૯ મા રહે છે. તેમના પત્ની અને ૧૧ વર્ષની દીકરી સૌરાષ્ટ્રના પ્રવાસ ગયા હતા,જ્યારે પરેશભાઈ મકવાણા ઘરે એકલા હતા.આ દરમિયાન તા.૨૪ ડીસે. થી ૨૭ ડિસે. દરમિયાન મકાન અંદરથી બંધ રહેતા આજુબાજુ રહેતા પાડોશીઓએ તેમના સગા સંબંધીઓ ને જાણ કરી હતી તેમજ મકાનનો દરવાજો તોડી તપાસ કરતા પરેશભાઈ ( ઉંમર વર્ષ ૪૩ ) બાથરૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. આમ પરેશભાઈ મકવાણાનું હૃદય રોગનો હુમલો કે અગમ્ય કારણસર મોત નિપજતાં કર્મચારીઓ તેમજ પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો. આ બનાવ અંગે મૃતકના સગા ભાઈ પ્રશાંતભાઈ નાનજીભાઈ મકવાણા (રહે. માલાવાડા, તા. માતર) એ નડિયાદ રૂરલ પોલીસમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# પાદરામાં ભાજપના ધારાસભ્યના ભાઇ સહિત બે વ્યક્તિનો યુવાન પર હુમલો

**પાદરા**

પાદરામાં સોમવારે મોડી રાત્રે ગાંધીચોક વિસ્તારમાં પાદરાના એક પાટીદાર યુવકને ચૂંટણીની અદાવત રાખી ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના મોટાભાઈ હરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા તેમજ અન્ય એક ઈસમ સુમન વાડીલાલ શાહે ભેગા થઈને પાટીદાર યુવકને ઢોર માર મારતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો અને સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. ગાંધીચોક વિસ્તારમાં નૈનેશ અનિલભાઈ પટેલ લક્કડપીઠાવાળા અન્ય મિત્રો સાથે બેઠા હતા ત્યારે તાજેતરમાં જ ચૂંટાયેલા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના મોટાભાઈ હરેન્દ્રસિંહ ઝાલા તેમજ પાદરાના ઝંડા બજાર વિસ્તારમાં રહેતા સુમન વાડીલાલ શાહ ગાંધીચોક વિસ્તારમાં આવીને અપશબ્દો બોલતા નૈનેશે ગાળો બોલવાનું ના કહ્યું હતું.

દરમિયાન ચૂંટણીની અદાવત રાખી ધારાસભ્યના મોટાભાઈ હરેન્દ્રસિંહ ઝાલા તેમજ તેના મિત્ર સુમન વાડીલાલ શાહ એકાએક નૈનેશ પટેલ પર તુટી પડી ઢોર માર માર્યો હતો. મોડી રાત્રે બનેલી આ ઘટનાના સીસીટીવીના ફૂટેજનો વીડિયો પાદરા ઉપરાંત સમગ્ર પંથકમાં વાયરલ થયો હતો.

# જાન્યુઆરી અંત સુધી ભરતી કરો નહીં તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન થશે

## TAT પાસ ઉમેદવારોએ નવા શિક્ષણમંત્રી કુબેર ડિંડોરને રજૂઆત કરી

ગાંધીનગર- ગુજરાતમાં રાજ્યમાં લાંબા સમયથી અટકી પડેલી ધો.9થી12ની ભરતી પ્રક્રિયાની માંગને લઈને TAT પાસ ઉમેદવારોએ શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરને રજૂઆત કરી હતી. ઉમેદવારોએ કહ્યું હતું કે, જાન્યુઆરીના અંત સુધીમાં ભરતી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

TAT પાસ ઉમેદવારોએ હવે મક્કમ થઈને શિક્ષણમંત્રીને રજૂઆત કરી હતી. શિક્ષણમંત્રીને તેમણે કહ્યું હતું



કે, લાંબા સમયથી આ ભરતી અટકી છે અને અમે લોકો હવે રાહ જોઈ શકીએ તેમ નથી. જેથી જાન્યુઆરીના અંત સુધીમાં ભરતી કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું. આ પહેલાં પણ TAT પાસ ઉમેદવારોએ પૂર્વ શિક્ષણમંત્રી જીતુ વાઘાણીને રજૂઆત કરી હતી. પરંતુ આ રજૂઆત બાદ આજ સુધી કોઈ પગલાં નહીં લેવાતા ઉમેદવારોએ નવા શિક્ષણમંત્રી કુબેર ડિંડોર સમક્ષ રજૂઆત કરીને આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. ગુજરાતમાં લાંબા સમયતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલોમાં TAT પાસ ઉમેદવારોની ભરતી લાંબા સમયથી અટકી પડી છે.

# કપડવંજની કિશોરીને ભગાડી જનારા બિહારના યુવકને 20 વર્ષની સખત કેદ

## નડિયાદ કોર્ટનો ચુકાદો : 90 હજારનો દંડ પણ કરવામાં આવ્યો

**નડિયાદ**

કપડવંજના જટવાડામાં એક કિશોરી (ઉ.વ.૧૭, ૧૦ માસ) પોતાના પરિવાર સાથે રહેતી હતી. આ કિશોરીને બિહારના શાકિન ટપ્પુ ગામના મોહમ્મદ ઈન્તસાર ઉર્ફે શાહરૂખ મોહમ્મદ ટીહાકુ બિલાયતઅલી શેખ 27 સપ્ટેમ્બર 20ના રોજ તેણીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. મોહમ્મદ ઈન્તસારે અવારનવાર તેની સાથે જાતીય દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવ સંદર્ભે ફરિયાદના આધારે કપડવંજ શહેર પોલીસે મોહમ્મદ ઈન્તસાર શેખ વિરુદ્ધ ગુનો નોંધી આરોપી મોહમ્મદ ઈન્તસાર શેખની અટકાયત કરી હતી. જે અંગે પોલીસે નડિયાદની સ્પે. પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. જે અંગેનો કેસ નડિયાદની પોક્સો કોર્ટના ન્યાયાધીશ પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે વકીલની દલીલો ધ્યાને લઈ તથા પુરાવાઓ ગ્રાહ્ય રાખી મહંમદ ઈમ્તસાર શેખને ૨૦ વર્ષ સખત કેદની સજા અને રૂ. ૯૦ હજારનો દંડ ભરવાનો હુકમ કર્યો હતો.

# ધરમપુરમાં કુવામાં પડેલા દીપડાને પથ્થરોથી મારી નાખી ચામડું મહારાજને ભાડેથી આપ્યું

**વલસાડ**

વલસાડના ધરમપુર ખાતે બે મહિના પહેલાં કેટલાક લોકો દીપડાના ચામડાનો સોદો કરવા માંગતા હોવાની વિગતો મળતાં વડોદરાના કાર્યકર રમેશભાઈ આઇસ અને ટીમના માણસોએ છટકું ગોઠવી પાણી પૂરવઠાના એક કર્મચારી સહિત સાત જણાને ઝડપી પાડયા હતા અને દીપડાનું ચામડું કબજે લીધું હતું. પૂછપરછ દરમિયાન આરોપીઓએ કુવામાં પડી ગયેલા દીપડાને પથ્થરો મારીને મારી નાંખ્યા બાદ બકરાં કાપતા શખ્સની મદદથી તેનું ચામડું અને મૂંછકાઢી લઈ દાટી દીધો હોવાની વિગતો ખૂલી હતી. જેથી ફોરેસ્ટ વિભાગે ખોદકામ કરાવતાં દીપડાના અવશેષો મળી આવ્યા હતા. વન્યજીવોનો સોદો કરતી ગેંગ દ્વારા રૂપિયાનો વરસાદ કરવા માટે તેમજ તાંત્રિક વિધિ માટે વન્યજીવોનો ઉપયોગ કરવામાં આવતો હોવાની વિગતો બહાર આવી છે. વન્યજીવોનો સોદો કરતી ગેંગ દ્વારા કારણોસર જીવોનો ઉપયોગ કરાતો હતો. આ પૈકી દીપડાનું ચામડું મહારાષ્ટ્રના એક મહારાજને તેમની ગાદી પર મુકવા ભાડે આપ્યું હતું. પરંતુ ત્યારબાદ ટોળકીએ ગ્રાહકને શોધવા માંડતા ફોરેસ્ટના છટકામાં તેઓ પકડાઈ ગયા હતા.

# મહેસાણામાં પેરાગ્લાઈડિંગ વખતે પેરાશૂટ ડેમેજ થતાં કોરિયન નાગરિકનું મોત

**રાજકોટ**

મહેસાણા જિલ્લામાં આવેલા ધરમપુર ગામમાં પેરાગ્લાઈડિંગ દરમિયાન પેરાશૂટ ડેમેજ થતાં કોરિયન નાગરિકનું કરુણ મોત થયું છે. પેરાશૂટ દુર્ઘટનામાં કોરિયન નાગરિકના મૃત્યુ મામલે તપાસના આદેશ આપ્યા છે. અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે ગામના જ એક વેપારીએ બે પેરાશૂટ ડાયવરને આમંત્રણ આપ્યું હતું. બંને શાળાનો કાર્યક્રમ પતાવીને ખારાઘોડા જવાના હતા. પરંતુ એ પહેલા આજના કાર્યક્રમમાં ચાઈનીઝ દોરીથી પેરાશૂટ ડેમેજ થતાં ડાયવર નીચે પટકાયો હતો, જેમાં તેનું મોત થયું હતું. પેરાશૂટ ઉડાડવા માટે કોઈ પરવાનગીની જરૂર નથી, કોમર્શિયલ ઉપયોગ માટે પેરાશૂટ ઉડાવાય તો જ પરવાનગી જરૂરી નથી.આમાં વહીવટીતંત્રની કોઈ બેદરકારી નથી.

# ચકલાસીના વનીપુર ગામે BSF જવાનની ધારિયાથી હત્યા કરાઇ

**નડિયાદ**

ચકલાસી વનીપુરમાં મેલાજીભાઈ ડાહ્યાભાઈ વાઘેલા પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેઓ બી.એસ.એફમાં નોકરી કરતા હતા. દરમિયાન મેલાજીભાઈ તથા તેમના દીકરા નવદીપ, હનુમંતા તથા ભત્રીજો પ્રતાપભાઈ વાઘેલા બાઈક લઈને વનીપુરામાં રહેતા શૈલેષ ઉર્ફે સુનિલ દિનેશભાઈ જાદવના ઘરે ગયા હતા. શૈલેષ ઉર્ફે સુનિલે મેલાભાઈની દીકરી આકૃતિનો તેની સાથેનો વિડીયો મોબાઈલ ઉપર વાયરલ કરેલો હોય ઠપકો કરવા સારું ગયા હતા. આ વખતે શૈલેષના ઘરની બહાર દિનેશ છબાભાઈ જાદવ, અરવિંદ છબાભાઈ જાદવ, છબાભાઈ ચતુરભાઈ જાદવ, દિનેશનો ભત્રીજો સચિન અરવિંદભાઈ જાદવ તથા ભાવેશ ચીમન જાદવ ઘરની બહાર તાપણી કરતા હતા. જેથી મેલાભાઈએ દિનેશને જઈને તેના દીકરા શૈલેષ ઉર્ફે સુનિલ બાબતે પૂછપરછ કરતા દિનેશ તથા તેની સાથેના માણસો ઉશ્કેરાઈ ગયા હતા. દરમિયાન દિનેશે મેલાભાઈને માથામાં ધારિયું મારી તથા નવદીપને માથામાં ધારિયું મારી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે સચિન લાકડી વડે મંજુલાબેન મેલાભાઈને માર માર્યો હતો. જેમાં મેલાભાઈ તથા નવદીપને માથામાં ધારિયું મારતા પિતા પુત્ર લોહી લુહાણ થઈ ગયા હતા. જે બાદ મેલાભાઈનું મોત નીપજ્યું હતું.

# મહેસાણામાં પ્રોપર્ટી એક્સ્પોનું આયોજન, એક જ સ્થળે 250 જેટલા પ્રોજેક્ટ રજૂ કરાશે

**મહેસાણા**

મહેસાણા ડી-માર્ટ સર્કલ પાંચોટ બાયપાસ ખાતે 67 બિલ્ડર્સ અને ડેવલપર્સના 250થી વધુ રેસીડેન્સીયલ, કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ એક જ જગ્યાએ જોવા માટે ક્રેડાઈ મહેસાણા દ્વારા આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં રીયલ એસ્ટેટ ક્ષેત્રે ખુબ જ ટૂંક સમયમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે રાજ્ય સરકારના કોમન જીડીસીઆરના અમલીકરણથી મહેસાણા તેમજ આજુબાજુના તાલુકા વિસ્તારમાં રેસીડેન્સીયલ કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટસ માટે ગ્રાહકોની માંગમાં ખુબજ વધારો જોવા મળી રહ્યો છે. મહેસાણા, કડી, વિસનગર, બહુચરાજી, વિજાપુર, વડનગર, ઊંઝા સહિતના પટ્ટામાં રેસીડેન્સીયલ, કોમર્શીયલ ઝોનનો વિસ્તાર ફેલાયો છે.

# પરિક્રમા કરવા નીકળેલા 14 સાધુને નેત્રંગ નજીક અકસ્માત, 3ના મોત

**ભરૂચ**

રાજપીપળાના નર્મદા કિનારે આવેલ રામાનંદ આશ્રમ ગુવારથી નવસારીના લંકા વિજય હનુમાન મંદિર નજીક જતા કુલ 14 જેટલા સાધુઓને તેમની મહેન્દ્રા જીનીયો ગાડીની આગળ ચાલતા ટેમ્પાથી બચવા જતા ડ્રાઈવરે રોંગ સાઈડ પર લેતા પૂર ઝડપે ધડાકાભેર ઝાડ સાથે ગાડી અથડાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં ગાડીના કુરચા નીકળી ગયા હતા. જ્યારે પાછળથી ગાડી ખુલ્લી હોવાથી તેમાં બેસેલા 14 જેટલા સાધુઓ ફંગોળાઈ ગયા હતા. જેમાં ડ્રાઈવર અને અન્ય એક સાધુનું ઘટના સ્થળે ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય એક સાધુને રાજપીપળા લઈ જતા રસ્તે સારવાર મળે તે પહેલા જ મૃત્યુ થયું હતું જ્યારે 13 ને ગંભીર ઈજાઓ થતા નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા.બનાવની જાણ થતાં પોલીસ અને લોકો મદદ માટે દોડી ગયા હતા.

મૂળ યુપીના ખાતચોક અયોધ્યા આશ્રમના 14 જેટલા સાધુઓ બાર જ્યોતિર્લિંગની પરિક્રમા યાત્રા કરવા નીકળ્યા હતા. જેમાંથી આઠ જ્યોતિર્લિંગ યાત્રા પૂર્ણ કરી ચાર બાકી હોવાથી રામાનંદ આશ્રમ ગુવાર ખાતે નિવાસ કર્યો હતો . ત્યાંથી તેઓ ગાડીના ચાલક રાકેશકુમાર હરિપ્રસાદ સોનકર મૂળ યુપીના રહેવાસી અને હાલ નવસારી લંકા વિજય હનુમાન મંદિરની સામે રહેતા હોય ત્યાં આ સાધુઓ એમના ઘરે જતા હતા ત્યારે નેત્રંગથી માંડવી નેશનલ હાઈવે પર કંબોડિયા અને ચાસવડની વચ્ચે તેઓને અકસ્માત નડ્યો હતો. મહિન્દ્રા જીનીઓ ગાડી પૂર ઝડપે ઝાડ સાથે અથડાતા ગોઝારા અકસ્માતમાં ચાલક રાકેશકુમાર સોનકર અને શીતલદાસ ઉર્ફે વેદાંતી ગુરુજીનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય કેશવદાસ ગુરુજી શ્રી ઈશ્વરદાસ વૈષ્ણવ 30 અયોધ્યા ,ગણેશદાસ 40, ગોપાલદાસ 49 ,ધ્યાનઘીદાસ 50, મણીધરદાસ 35 , વેદાંતીદાસ 46, પ્રદીપભાઈ 46, રામદાસ 46 અને રાધિકદાસ 46 વગેરેને નેત્રંગ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.

# દાદાએ તેડેલી બાળકીને ઝૂંટવીને દીપડો ભાગ્યો, પૌત્રીના મોતથી આક્રંદ

**જુનાગઢ**

જૂનાગઢના સોનરડી વિસ્તારમાં દાદા તેમની પૌત્રીને લઈને ઉભા હતાં. ત્યારે દીપડો આવ્યો અને તેમના હાથમાંથી બાળકીને ઝૂંટવીને ભાગી ગયો હતો. દાદાએ બૂમાબૂમ કરતાં દીપડો બાળકીને મુકીને ભાગ્યો હતો. આ હૂમલામાં નાની બાળકીનું મોત નીપજ્યું હતું. જૂનાગઢના સોનરડી પ્લોટ વિસ્તારમાં દાદા તેમની પૌત્રીને તેડીને ઉભા હતાં. ત્યાં અચાનક દીપડો આવી ગયો હતો. દાદા દીપડાને ભગાડવા કંઈક વિચારે તે પહેલાં તો તેણે છલાંગ મારીને તેમના હાથમાંથી પૌત્રીને ઝૂંટવી લીધી હતી અને ભાગી ગયો હતો.

દાદાએ બૂમાબૂમ કરતાં જ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતાં. લોકોને જોઈને દીપડો બાળકીને મુકીને ત્યાંથી ભાગી ગયો હતો. બાળકીને જોતા જ દાદાના હોશ ઉડી ગયા હતાં. દીપડાએ બાળકીને છોડી દેતાં તે ત્યાં જ મોતને ભેટી હતી. તેના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

# ચોટીલા પાસે લક્ઝરી બસમાં આગ લાગી, 1 મહિલાનું મોત, 5 દાઝ્યાં



**રાજકોટ**

ચોટીલા- રાજકોટ હાઈવે પર વહેલી સવારે એક ખાનગી બસમાં આગ લાગતાં મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. બસમાં આગ લાગવાના કારણે મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. બસમાં સવાર એક વૃદ્ધ મહિલા ગંભીર રીતે દાઝી જતા તેમનું મોત થયું છે. ચોટીલા પાસેથી પસાર થઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની બસમાં અચાનક આગ લાગતાં બસ ભડભડ સળગી ગઈ હતી. જેના કારણે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. ડ્રાઈવરે બસ ઉભી રાખી દેવાતા મુસાફરો નીચે ઉતરવા લાગ્યા હતા. બસમાં સવાર એક વૃદ્ધ મહિલા બહાર નીકળતાં જ ગંભીર રીતે દાઝી જતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય પાંચ મુસાફરો દાઝી જતા તેઓને સારવાર માટે ખસેડાયા હતાં.

ચોટીલા પાસે વહેલી સવારે બનેલા આગના બનાવમાં મૃતક વૃદ્ધ મહિલા નોઈડાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આગનું કારણ FSLની તપાસ બાદ જાણવા મળશે.ચોટીલા પાસે જે બસમાં આગનો બનાવ બન્યો છે તે બસ સુરત તરફ જઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. બસમાં આગની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમે ઘટના સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours. Phone 647-761-1317, 647-657-9631. ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM
NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
CONTACT - 6477611317 / 6476579631
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control: Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal: Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To : Shree Balaji Inc.
MAILING ADDRESS 23 Lyric Road, Brampton ON L6S 0B4. 416-996-7755
Registered Address 713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga Mevada Piyush Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વિવાદ થતાં ઘેલા સોમનાથની વહિવટી સમિતિ ત્રણ મહિનામાં જ બરખાસ્ત

## પૂર્વ ધારાસભ્યની બાદબાકીથી વાત વણસી, નવેસરથી સમિતિ ક્યારે રચાશે તે હજુ અધ્ધર

જસદણ

વિંછીયા તાલુકાના સોમપીપળીયા ખાતે આવેલ પ્રસિધ્ધ શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની વહિવટી સમિતિની રચના મામલે ભારે વિવાદ થતાં પાંચ વર્ષની મુદ્દત માટેની સમિતિ સાડા ત્રણ માસમાં જ વીખેરી નાખવા સરકારને ફરજ પડી છે.

ગુજરાત સરકાર દ્વારા ઘેલા સોમનાથ મંદિરની વહીવટી સમિતિની રચના સપ્ટેમ્બર માસમાં જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ આ સમિતિ બાબતે અનેક વિવાદો થયા હતા. જસદણ પંથકમાં કોળી સમાજની વસ્તી મોટા પ્રમાણમાં હોવા છતાં કોળી સમાજના સભ્યોને આ સમિતિમાં લેવામાં નહીં આવતા સમિતિની રચના જાહેર થઈ તે સમયે જસદણના પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ દ્વારા ઘેલા સોમનાથ મંદિર ખાતે એક દિવસના પ્રતીક ઉપવાસ કરવામાં આવ્યા હતા અને કોળી સમાજને આ કમિટીમાં સ્થાન આપવા માટેની રજૂઆત મુખ્યમંત્રી સહિતના લોકોને કરવામાં આવી હતી. આ ઉપરાંત, આ સમિતિ બાબતે જસદણ પંથકના બંને રાજકીય જૂથના ટેકેદારો દ્વારા પણ અહીંના સોશિયલ મીડિયામાં યુદ્ધ છેડવામાં આવ્યું હતું. જોકે ઉદ્યોગ અને ખાણ વિભાગના નાયબ સચિવ કે. જે. જામળીયા દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવ્યા મુજબ તા. 2-9-2022ના રોજ રચના કરવામાં આવેલી ઘેલા સોમનાથ મંદિરની વહીવટી સમિતિ સ્થગિત કરવામાં આવી છે. આ સાથે જ 14 બિનસરકારી સભ્યોની સમિતિ વીખેરાઇ ગઇ છે.

# વેરાવળમાં બસ સ્ટેશનની નજીક જાહેરમાં ફાયરિંગ, યુવાનની હત્યા

વેરાવળ

વેરાવળમાં રેયોન રોડ ઉપર બાલાજી ગુરૂપ નામની દુકાન ધરાવતા નિતેષભાઈ સરમણભાઈ કટારીયા (ઉ.વ.44) સાંજે 6.30 વાગ્યાના અરસામાં બસ સ્ટેન્ડ રોડ ઉપર કે.કે. મોરી સ્કૂલની સામે જયાં બધા લારીગલ્લાઓ છે ત્યાં ચા પીતા હતા ત્યારે તેની ઉપર રીવોલ્વરથી ફાયરીંગ કરાતા ત્યાંજ પડી ગયા હતા અને લોહીનાં ફૂવારા છૂટેલ હતા. આ બનાવ બનવાથી ચાની લારી વાળો તેમજ આજુબાજુનાં લોકો પણ ગભરાઈ ગયેલા હતા. થોડી મિનિટો સુધી ગભરાટ સાથે સોંપો પડી ગયો હતો. લોકોથી ધમધમતા રોડ પર આ બનાવ બનતા ટોળા એકઠા થઈ ગયા હતા. તાત્કાલીક 108 ને બોલાવી હતી અને તેને સરકારી હોસ્પીટલે લઈ ગયા હતા. પણ ત્યાં ડોકટરોએ મૃત જાહેર કરેલ હતો.

નારણભાઈ કટારીયાના સગાભાઈ થતાં હોય સાંજે વેરાવળ બાયપાસ પાસે આવેલ સોસાયટી વિસ્તારમાં રહેતા હતા અને તેમને બે બાળકો છે. દરરોજ સાંજે ચા પીવા માટે જય વડવાળા ચાની લારી ઉપર આવતા હતા. આજે પણ ત્યાં પોતાના મોટરસાઈકલ ઉપર બેસેલ હતા, ત્યારે સરેઆમ ફાયરીંગ થયું હતું. ઘટના સ્થળે તાત્કાલીક પોલીસ પહોંચી ગઈ હતી.

# સિહોર નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગતા રાજકીય પક્ષોમાં ધમધમાટ જારી

## શાસક-વિપક્ષ મહત્તમ બેઠકો અંકે કરવાની કવાયતમાં વ્યસ્ત

સિહોર

સિહોર નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. હાલ સિહોર નગરપાલિકાના જનરલ બોર્ડમાં ૨૩ ભાજપ, ૧૧ કોંગ્રેસ અને બે બેઠકો અપક્ષની છે. જયારે ભાજપના ચાલુ સભાસદો પૈકી કેટલાક સભ્યો ચૂંટાયા બાદ પાંચ વર્ષ સુધી તેમના વોર્ડમાં કે મતદારોને દેખાયા નથી. તેમજ તેઓની કોઈપણ જાતની કામગીરી જણાતી નથી.જેથી આવા સભ્યો સામે મતદારો પણ વ્યાપક પ્રમાણમાં નારાજગી દાખવી રહ્યા છે. ભાજપની સામે વિપક્ષ સાથે રહી અને હંગામો મચાવતા રહ્યા, તેમજ મિડીયા સમક્ષ ગેરરીતિને લઈને ભાજપના સત્તાધીશો સામે બાયો ચડાવતા રહ્યા છે. તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિતમાં ફરીયાદો કરાઈ છે. આમ ભાજપના આવા સભ્યો પ્રમુખ માટે શિરદર્દ સમાન બની રહ્યા હતા. તેમજ ગત ચૂંટણીમાં હારેલા ભાજપના ઉમેદવારો પાંચ વર્ષ તેના વોર્ડમાં દેખાયા નથી.હાલમાં ટિકીટ મેળવવા માટે ઉચ્ચ કક્ષાએ લાગવગ કરી ટીકીટ મેળવવા માટે ધમપછાડા કરી રહ્યા છે.

# મયુરસિંહ ઉપર કાવતરૂ રચી દેવાયત ખવડેએ હૂમલો કર્યો, પોલીસને રેકી કર્યાના ફૂટેજ મળ્યા

## પોલીસે કોર્ટમાં કલમ ઉમેરવા રિપોર્ટ કર્યો : દેવાયત અને તેના સાગરિતો જેલમાં છે

રાજકોટ

વિવાદિત લોકસાહિત્યકાર દેવાયત ખવડની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મયુરસિંહ રાણા પર હૂમલો કર્યા બાદ હાજર થયેલા દેવાયત અને તેના બે સાગરીતો તાજેતરમાં પોલીસ સમક્ષ હાજર થયાં હતાં અને તેમના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતાં. કોર્ટે ત્રણેયને જેલ હવાલે કર્યા હતાં. પરંતુ હવે પોલીસના હાથે વધુ પુરાવા સાંપડ્યાં છે. દેવાયત ખવડે મયુરસિંહ રાણાની ઓફિસ પાસે રેકી



કર્યાના CCTV ફૂટેજ પોલીસના હાથે લાગ્યાં છે. પોલીસે હવે કાવતરાની કલમ ઉમેરવા માટે કોર્ટમાં અરજી કરી છે. જેમાં દેવાયતે કાવતરૂ રચીને મયુરસિંહ પર હૂમલો કર્યો હોવાનો ઉલ્લેખ કરાયો છે.

પોલીસે કોર્ટમાં જે રીપોર્ટ સબમીટ કર્યો છે. તેમાં આરોપી દેવાયત ખવડ અને તેના બે સાગરીતોએ ભોગ બનનાર મયુરસિંહની ઓફિસ પાસે રેકી કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ બાબતના પોલીસને CCTV ફૂટેજ પણ મળ્યાં છે. જ્યારે દેવાયતના રિમાન્ડ ચાલુ હતાં ત્યારે પોલીસે પણ કાવતરા અંગે પુછપરછ કરી હતી પરંતુ તેણે પોલીસને આ બાબતે સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

# ઊંઝાના માર્કેટ યાર્ડને પાછળ પાડીને ગુજરાતનું ગોંડલ યાર્ડ નંબર 1 બન્યું

## નાણાંકીય વર્ષ 2021-22 દરમિયાન 23.62 કરોડની આવક થઈ

રાજકોટ

એશિયામાં ઉત્તર ગુજરાતની ઊંઝા APMC સૌથી મોટું માર્કેટ યાર્ડ ગણવામાં આવે છે. અહીંથી અબજો રૂપિયાના જીરાની વિદેશમાં નિકાસ થાય છે. ત્યારે હવે આ માર્કેટ યાર્ડ પાસેથી ગોંડલના માર્કેટ યાર્ડે નંબર વનનો તાજ છીનવી લીધો છે. રાજકોટનું ગોંડલ માર્કેટ યાર્ડ હવે આવકની રીતે ગુજરાતમાં નંબર વન બન્યું છે. નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન 23.62 કરોડની આવક થઈ છે. આ યાર્ડમાં આ વખતે સૌથી વધુ પાકની આવક સાથે રાજ્યના નંબર વન માર્કેટ યાર્ડની સિધ્ધી પણ મળી છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડએ બીજા નંબર પર રહેતું હતું. જ્યારે હવે પાકોની આવક વધતાં ગોંડલ માર્કેટ યાર્ડનો વિકાસ થયો હતો અને આવકમાં પણ વધારો થયો હતો. ગોંડલમાં આગામી સમયમાં પાકને સાચવી શકાય તે માટે યાર્ડમાં ડોમની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ગોંડલ યાર્ડમાં સૌરાષ્ટ્ર ભરમાંથી ખેડુતો મગફળી, ધાણા, મરચા સહિતની 55થી પણ વધુ જણસીઓ લઈને આવી રહ્યા છે. તેઓને સારા ભાવ મળી રહ્યા છે.

# રાજકોટમાં બોનાન્ઝા બ્યૂટી સલૂનમાં દરોડા, 43 લાખની ચોરીનો પર્દાફાશ

## બ્યુટી સલૂનમાં મસમોટી રકમ વસૂલાતી પણ ડ્યુટી ભરાતી ન હતી

રાજકોટ

રાજકોટ સેન્ટ્રલ જીએસટીની પ્રિવેન્ટીવ વીંગ દ્વારા ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમ વખત બ્યુટી સલુન પર દરોડાની કાર્યવાહી હાથ ધરી પ્રાથમિક તપાસમાં જ રૂ.43 લાખની ડ્યુટીચોરી ઝડપી લીધી છે. શહેરમાં સાત સ્થળો પર કાર્યરત બોનાન્ઝા બ્યુટી સલુન દ્વારા ગ્રાહકો પાસેથી હજારોની રકમની વસુલાત કરી જીએસટીના જે રીટર્ન ફાઈલ કરવામાં આવતા હતા તેમાં ઓછી રકમ દર્શાવી જીએસટીની ચોરી કરવામાં આવી રહ્યાનું માલુમ પડ્યા બાદ બોનાન્ઝાના સાતેય ધંધાકીય સ્થળો પર સેન્ટ્રલ જીએસટીના 25 થી 30 અધિકારીઓનો કાફલો મહિલા સ્ટાફ સાથે ત્રાટકયો હતો અને તપાસની કાર્યવાહી હાથ ધરી હતી. બ્યુટી સલુનની સેવાઓ પર 18 ટકા ટેકસની જોગવાઈ કરવામાં આવી છે. આ તમામ ધંધાકીય સ્થળોએ પ્રાથમિક તપાસમાં જ રૂ.43 લાખની ચોરી ઝડપી લેવામાં આવી છે. જો કે હજુ સાહિત્યની ચકાસણી ચાલુ હોય તેથી ચોરીનો આંક વધવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

# એશિયન કિક બોક્સિંગ ચેમ્પિયનશિપમાં કોડીનારના મનીષા વાળાનો વિજયી પંચ

વેરાવળ

વેરાવળ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાત તરફથી કિક બોક્સિંગમાં વિજય પતાકા લહેરાવનાર પ્રથમ મહિલા ખેલાડી અને ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વતની મનીષા વાળાએ થાઈલેન્ડમાં યોજાયેલ એશિયન કિક બોક્સિંગ ચેમ્પિયનશિપમાં 2 બ્રોન્ઝ મેડલ મેળવી ગીર સોમનાથ સહિત ગુજરાત અને સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે. મનીષા વાળાએ બેંગકોકમાં યોજાયેલ એશિયન કિક બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઈવેન્ટમાં 20 દેશોના 500 ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં તેમણે ઈરાન, ઉઝબેકિસ્તાન અને થાઈલેન્ડના ખેલાડીઓને ધૂળ ચટાડી 2 બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતાં. મનીષાવાળાએ પોતાની આ જીતનો શ્રેય માતા પ્રાચીબહેન અને પિતા જગદીશભાઈને આપ્યો હતો. ]

# ઓખા દરિયામાંથી 300 કરોડનું હેરોઈન ઝડપાયું,10 પાકસ્તાની નાગિરક ધરપકડ

ઓખા

ગુજરાતના દરિયામાંથી વારંવાર નશીલા પદાર્થો પકડાતા રહ્યાં છે. જખૌ અને ઓખાના દરિયામાંથી પાકિસ્તાન તરફથી આવતી બોટમાં નશીલા પદાર્થોની હેરાફેરી કરવામાં આવે છે. ત્યારે કોસ્ટગાર્ડ અને ATSના સંયુક્ત ઓપરેશનમાં પાકિસ્તાનથી આવેલી અલસોહેલી બોટમાંથી અંદાજે 40 કિલો હેરોઈન અને હથિયારો ઝડપાયાં છે. તે ઉપરાંત આ બોટમાંથી 10 પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવી છે. હાલ ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાતનો દરિયાકાંઠે ડ્રગ્સ



પકડાવવાનો સીલસીલો ચાલુ જ રહ્યો છે. દ્વારકાના દરિયામાંથી આશરે 300 કરોડની કિંમતના નશીલા પદાર્થનો જથ્થો ઝડપાયો છે. ગુજરાત ATS અને કોસ્ટગાર્ડના સંયુક્ત ઓપરેશનમાં આ વખતે પણ હથિયારો અને હેરોઈનની હેરાફેરીને રોકવામાં સફળતા મળી છે.

# સુરેન્દ્રનગરમાં કોંગ્રેસની માઠી દશા બેઠી, કદાવર નેતાએ રાજીનામુ ધર્યું

સુરેન્દ્રનગર

ગુજરાતમાં કોંગ્રેસની માઠી દશા બેઠી હોય તેમ સુરેન્દ્રનગર જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ રૈયાભાઈ રાજપૂતે રાજીનામું ધરી દીધું છે. રાજીનામામાં તેમણે મોટા આક્ષેપો કર્યા છે. જેને પગલે સ્થાનિક કોંગ્રેસમાંથી પ્રમુખ બાદ બીજા રાજીનામા પણ આવી શકે છે. કોંગ્રેસે સુરેન્દ્ર નગર જિલ્લાની પણ 2 બેઠકો ગુમાવી છે. આ કારણે સુરેન્દ્રનગર જિલ્લાના કોંગ્રેસના પ્રમુખે રાજીનામું ધરી દીધુ હતું. રૈયાભાઈ રાજપૂતે છેલ્લા બે વર્ષથી સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ પદ પર હતા. આ રાજીનામુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરને પત્ર લખ્યો હતો અને આ પત્રમાં તેમણે જણાવ્યુ હતું કે જિલ્લાના ઉમેદવારની પસંદગી સમયે જિલ્લા પ્રમુખ તરીકે તેમજ કોંગ્રેસના સંગઠનને વિશ્વાસમાં લીધા વગર જ ઉમેદવારો પસંદ કર્યા હતા.



## એરપોર્ટ પર કેટરિનાએ સુરક્ષા નિયમનો ભંગ કર્યો

મુંબઈ : અભિનેત્રી કેટરિના કૈફ મુંબઈ એરપોર્ટ પર સુરક્ષા નિયમનો ભંગ કરી ચેકિંગ વિના જ આગળ જતી રહેતાં સિક્યુરિટી જવાન દ્વારા તેને પાછી બોલાવાઈ હતી. આ વીડિયો વાયરલ થતાં કેટરિનાના સેલિબ્રિટી એટિટયૂડની ભારે ટીકા થઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો અનુસાર કેટરિના અને પતિ વિકી કૌશલ બંને એરપોર્ટ પહોંચ્યાં હતાં. ત્યાં ટર્મિનલમાં એન્ટર થતાં પહેલાં કેટરિનાએ પોતાના સુરક્ષા દસ્તાવેજો તપાસવા દેવાની તમા રાખી ન હતી અને પોતાને તો જાણે બધા ઓળખે જ છે ને એવા એટિડયૂડ સાથે આગળ જતી રહી હતી.


# સ્વદેશ

09 FRIDAY, 30 DECEMBER, 2022


## નબળા ઓરિજિનલ કોન્ટેન્ટ કરતાં સફળ ફિલ્મની રીમેક કરવી સારી

મહિલાપ્રધાન ફિલ્મો કરવા માટે જાણીતી એવી આખાબોલી તાપસી પન્નુને ન્યુઝમાં રહેવાની આદત છે. પછી ભલે એની ફિલ્મો ચાલે કે ન ચાલે. જેમ કે, એની છેલ્લી રજૂ થયેલી ફિલ્મ 'બ્લર' ખાસ તરંગો પેદા કરી શકી નથી. હા, એમાં થોડું નાવીન્ય જરુર છે. મુદ્દાની વાત એ છે કે આ ફિલ્મ સાથે તાપસી પન્નુએ નિર્માત્રી તરીકે શુભારંભ કર્યો છે. વાસ્તવમાં એ ઘણા સમયથી નિર્માણ ક્ષેત્રે આવવા માગતી હતી. ઈન ફેક્ટ, એણે 'બ્લર'માં એક્ટ્રેસ તરીકે કામ કરવાનું શરુ કર્યું ત્યારે જ એના દિમાગમાં આ વિચાર ઘુમવા લાગ્યો હતો કે હું આ ફિલ્મની કો-પ્રોડયુસર બની જાઉં તો કેવું! મજાની વાત એ છે કે આમાંની 'બદલા', 'દોબારા', 'લૂપ લપેટા', 'બ્લર' - આ બધી રીમેક છે. તેથી તાપસીને મહિલાપ્રધાન ફિલ્મોને મહત્ત્વ આપતી અદાકારા સાથે રીમેક ક્વીન પણ કહેવામાં આવી રહી છે. જોકે અભિનેત્રીને તેની સામે જરાય વાંધો નથી. તે કહે છે, 'હું નબળા ઓરિજિનલ કોન્ટેન્ટ કરતાં સફળ ફિલ્મની રીમેક કરવાનું વધુ પસંદ કરું છું. વળી, આ બધી મૂવીઝમાં 'હીરો'નું સ્થાન 'હિરોઈન'ને મળ્યું છે. હું સમજણી થઈ ત્યારથી મોટાભાગે પુરૂષપ્રધાન ફિલ્મો જ જોતી આવી હતી. તેથી મને સ્ત્રીપાત્ર મુખ્ય ભુમિકામાં હોય એવી મૂવીઝ કરવામાં વધુ રસ પડે છે.'



## દીપિકા પાદુકોણે સલમાન ખાન સાથે ઘણી ફિલ્મોની ઓફર ઠુકરાવી

મુંબઈ: મશહૂર બોલીવુડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ અત્યારે પોતાની મોસ્ટ અવેટેડ ફિલ્મ પઠાણને લઈને ખૂબ વ્યસ્ત છે. દીપિકા પાદુકોણે કહ્યુ હતુ કે સલમાન ખાન તે પહેલા વ્યક્તિ હતા જેમણે દીપિકામાં પોટેંશિયલ જોયુ હતુ. દીપિકાએ આગળ કહ્યુ હતુ કે આ તે સમય હતો જ્યારે પોતે તેને એ ખબર નહોતી કે તે એક્ટ્રેસ બનવા ઈચ્છે છે. તેનુ માનવુ છે કે સલમાન અને તે બંને એક ખૂબ જ સુંદર બોન્ડ શેર કરે છે અને આ માટે તે હંમેશા સલમાન ખાનની આભારી રહેશે. પરંતુ સલમાનની ફિલ્મોમાં તે કામ કરવાની ના પાડી ચૂકી છે.

## વિવાદોને પગલે 'પઠાણ'નું ટ્રેલર રિલીઝ કરવામાં વિલંબ

મુંબઈ : શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની 'પઠાણ' ફિલ્મની રિલીઝને હવે એક મહિનો પણ બાકી નથી રહ્યો તે છતાં પણ તેનું ટ્રેલર હજુ સુધી રિલીઝ થયું નથી. યશરાજ ફિલ્મ્સ તથા શાહરુખ- દીપિકા જેવા સ્ટાર્સની ફિલ્મ માટે ટ્રેલરમાં આ વિલંબ અસામાન્ય છે. શાહરુખ 'ઝીરો' ફિલ્મ બાદ ચાર વર્ષે મોટા પડદે આવી રહ્યો છે તે છતાં પણ આ ફિલ્મના ટ્રેલર સહિતની યોજનાઓ બિકીની વિવાદને પગલે ખોરંભાઈ ગઈ છે. ફિલ્મનાં 'બેશરમ રંગ' ગીતમાં દીપિકા પાદુકોણે ભગવા રંગની બિકીની પહેરીને બોલ્ડ ચેષ્ટાઓ કરી છે તેથી ભારે રોષ ફેલાયો છે. ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મુકવા સહિતની માગણીઓ થઈ છે. તે પછી ફિલ્મનું 'ઝૂમે રે પઠાણ' ગીત રિલીઝ થયું હતું પરંતુ તે સાવ બકવાસ અને નિમ્ન સ્તરનું હોવાનો ચુકાદો દર્શકોએ આપી દીધો છે. આથી ફિલ્મ સર્જક યશરાજ ફિલ્મસના આદિત્ય ચોપરાનું ટેન્શન વધ્યું છે.




## રિલીઝ પહેલાં જ ફિલ્મ પઠાણે કરી બંપર કમાણી, 100 કરોડમાં વેચાયા OTT રાઇટ્સ

બોલીવૂડની સતત ચર્ચામાં રહેલી અને વિરોધના વાદળો વચ્ચે રહેલી કિંગ ખાન અને દિપીકા પાદુકોણની ફિલ્મ પઠાણના ફેન્સ માટે સારા સમાચાર છે. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે, શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાણ'ના OTT રાઈટ્સ વેચાઈ ગયા છે. 'પઠાણ'ના ઓટીટી રાઈટ્સ 100 કરોડમાં વેચાયા હતા

## ટીવી એક્ટ્રેસ તુનિષા શર્માના આપઘાત બાદ બોયફ્રેન્ડ શીઝાનખાનની ધરપકડ

પ્રખ્યાત ટીવી અભિનેત્રી તુનિષા શર્માના મૃત્યુના સમાચારે બધાને ચોંકાવી દીધા છે. શનિવારે તુનીષાની લાશ સેટ પર ફાંસી પર લટકતી મળી આવી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે તુનીષાએ ડિપ્રેશનના કારણે આત્મહત્યા કરી લીધી છે. હવે મુંબઈ પોલીસે આ મામલે તુનીશાના પૂર્વ બોયફ્રેન્ડ અને અલી બાબા દાસ્તાન એ કાબુલ અલી સીરીયલ સ્ટાર શીઝાન મોહમ્મદ ખાનની ધરપકડ કરી છે. એટલું જ નહીં, અભિનેત્રીને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ શીઝાન વિરુદ્ધ FIR પણ નોંધવામાં આવી છે. નાના પડદાની જાણીતી અભિનેત્રી તુનીષા શર્મા તેના કો-સ્ટાર શીઝાન મોહમ્મદ ખાન સાથે રિલેશનશિપમાં હતી.



એવું કહેવામાં આવી રહ્યું છે કે શીજાને તાજેતરમાં જ તુનિષા સાથે બ્રેકઅપ કર્યું હતું. આના કારણે તુનિષા ખૂબ જ પરેશાન થઈ ગઈ હતી અને ત્યારબાદ શનિવારે 24 ડિસેમ્બરે તેણે સેટ પર જ મોતને ભેટી હતી. પોલીસે તુનીશાના કો-સ્ટાર શીઝાન ખાન વિરુદ્ધ વાલીવ પોલીસમાં FIR નોંધી છે અને તેની ધરપકડ કરવામાં આવી છે.

## પાકિસ્તાની ફિલ્મ ધી લિજેન્ડ ઓફ મૌલા જટ્ટની ભારત રિલીઝ મોકૂફ




મુંબઈ : પાકિસ્તાની ફિલ્મ 'ધી લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ'ની ભારતમાં રિલીઝ આખરે મુલત્વી કરી દેવામાં આવી છે. આ ફિલ્મ આ સપ્તાહે ભારતમાં રિલીઝ કરવાનો તખ્તો ઘડાયો હતો. જોકે, દેશમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ છે તેવા સમયે પાકિસ્તાની ફિલ્મ રિલીઝ કરવા સામે ભારે વિરોધ થતાં રિલીઝનો પ્લાન પડતો મુકાયો હોવાનું કહેવાય છે.

આ ફિલ્મને ભારતીય સેન્સર બોર્ડ દ્વારા સર્ટિફિકેટ પણ આપી દેવાયું હતું. ફિલ્મને યુપી તથા પંજાબ સહિતના ઉત્તર ભારતના વિસ્તારોમાં પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો હતો. ફિલ્મમાં 'અય દિલ હૈ મુશ્કિલ'માં દેખાયેલો ફવાદ ખાન તથા શાહરુખની ફિલ્મ 'રઈસ'ની હિરોઈ માહિરા ખાનની મુખ્ય ભૂમિકાઓ છે.






# ॥ સંસ્કૃતિ ॥




સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

Paresh Peshva
Marketing Director
SWADESH


### યુએસ-કેનેડા સરહદે આવેલો 3200 કિલોમીટરનો આખો પટ્ટો બરફીલા તોફાનની ચપેટમાં

# બોમ્બ સાયક્લોન : કુદરત સામે માનવી ફરી લાચાર



યુએસ-કેનેડા સરહદે આવેલો ૩૨૦૦ કિલોમીટરનો આખો પટ્ટો ‘બોમ્બ સાયક્લોન’ તરીકે ઓળખાતા અતિ વિનાશક બરફના તોફાનની ચપેટમાં આવી ગયો છે. હવે વિપરિત સંજોગોએ લોકોની ક્રીસમસની ઉજવણી સાથે નવા વર્ષને આવકારવાના આયોજનમાં પણ વિઘ્ન પાડ્યું છે. અમેરિકા અને કેનેડામાં આવેલા બરફના તોફાનને કારણે ‘બોમ્બ સાયક્લોન’ નામે નવો શબ્દ જાણવા મળ્યો છે. ‘બોમ્બ સાયક્લોન’ એટલે સરળ શબ્દોમાં કહીએ તો એવું વાવાઝોડું કે જે હજારો લોકોનો ભોગ લઈ શકે. અમેરિકા અને કેનેડા અત્યારે એવા જ ‘બોમ્બ સાયક્લોન’ના વમળમાં ફસાયાં છે. વૈજ્ઞાનિક પરિષાભામાં હવાના દબાણ માટે મિલિબાર નામનો એકમ છે. વાતાવરણમા રહેલી હવાના દબાણમાં અચાનક ઘટાડો થાય અને ૨૪ કલાકમાં ૨૪ મિલિબાર કે વધારે દબાણ ઘટી જાય ત્યારે વાતાવરણમાં ગરમ અને ઠંડી હવા ભેગી થઈ જતી હોય છે. પૃથ્વીની નજીક રહેલી હવા સામાન્ય રીતે ગરમ હોય છે. આ ગરમ હવા ઉપર જવા માંડે છે અને હવાનું નીચું દબાણ પેદા કરે છે. તેના કારણે હવામાં રહેલા પાણીના કણો સંકોચાવા માંડે છે અને તોફાન લાવે એવાં વાદળો રચાય છે.

આ વાદળોના કારણે અતિશય વરસાદ પડે છે, બરફનું તોફાન આવે છે. આ સ્થિતીને ‘બોમ્બ સાયક્લોન’ કહે છે. હાલમાં અમેરિકાના ટેક્સાસથી શરૂ કરીને કેનેડાનો ક્યુબેક સુધીનો વિસ્તાર છેલ્લાં અઠવાડિયાથી થીજી ગયો છે. ‘આર્કટિક બ્લાસ્ટ’ને કારણે તાપમાનમાં અચાનક જ માઈનસ ૩૫ ડીગ્રી સુધીનો ઘટાડો થતાં લોકોની હાલત બગડી ગઈ છે. અમેરિકા-કેનેડા સરહદે આવેલાં પાંચ મોટાં સરોવરોના વિસ્તારને ગ્રેટ લેક્સ કહેવાય છે. સુપીરિયર, મિશિગન, હ્યુરોન, એરી અને ઓન્ટેરિયો એ પાંચ વિશાળ સરોવરોનો વિસ્તાર ૨.૪૪ લાખ ચોરસ કિમીમાં ફેલાયેલો છે. ગ્રેટ લેક્સ વિસ્તારમાં સર્જાયેલા હવાના નીચા દબાણમાં દક્ષિણ ધ્રુવથી આવતા બરફના ઠંડા પવનોના કારણે બરફનું તોફાન આવ્યું છે. ‘આર્કટિક બ્લાસ્ટ’ તરીકે ઓળખાતા તોફાનને કારણે ગ્રેટ લેક્સનાં સરોવરોમાં ઉંચાં મોજાં ઉછળ્યા હતા.

ચારેક દિવસ પહેલા તો એરી સરોવરમાં ૨૬ ફૂટ ઉંચાં મોજાં ઉછળ્યા હતા. તેને કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતા. ‘આર્કટિક બ્લાસ્ટ’ને કારણે ટેક્સાસ, ઓક્લાહોમા, મિસૌરી, ટેનેસી, મિસિસિપ્પી અને લુઈસિઆનામાં વીજળી ખોરવાઈ ગઈ હતી. અંદાજે ૧૦ લાખથી વધુ ઘરોમાં અંધારપટ છવાયો હતો. અને સંકડો ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. બરફના તોફાન સાથે જ કેટલાક વિસ્તારોમાં તો તાપમાન માઈનસ ૪૫ ડીગ્રી સેલ્સિયસ થઈ ગયું હતુ. ઘણાં શહેરોમાં તો પર્વતો પર જામે એ રીતે બરફ જામી જતા કેટલાક સાહસિક યુવાનોએ તેના પર આઈસ સ્કીઈંગની મજા માણી હતી. કેલિફોર્નિયા જેવાં એકલદોકલ સ્ટેટને બાદ કરતા આખા અમેરિકા અને કેનેડામાં લોકો કફોડી સ્થિતિમા મુકાયા હતા. કેનેડામાં ઓન્ટેરિયો અને ક્યુબેકની હાલત સૌથી ખરાબ થઈ હતી. આ બંને વિસ્તારોમાં સંપૂર્ણ અંધારપટ છવાયો હતો. કેનેડામાં બ્રિટિશ કોલંબિયાથી શરૂ કરીને ન્યુફાઉન્ડલેન્ડ સુધીના બાકીના વિસ્તારોમાં પણ કાતિલ ઠંડી પડી રહી છે. આ વિસ્તારોમાં પણ ગમે ત્યારે ‘બોમ્બ સાયક્લોન’ ત્રાટકશે એવી ચેતવણી અપાઈ જ છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

જો કે, અમેરિકા અને કેનેડાના લોકો બરફનાં તોફાનોથી ટેવાયેલાં છે પણ આ વખતે આવેલું તોફાન સદીઓમાં આવતું એકાદ તોફાન ગણાવાઈ રહ્યું છે. લગભગ આખું ઉત્તર અમેરિકા આ તોફાનની ચપેટમાં આવી ગયું છે પણ સૌથી મહત્વની વાત એ છે કે, હજુ તોફાન પીક પર પહોંચ્યું નથી.

અતિશય ઠંડીની માનવ શરીર પર અત્યંત ખરાબ અસર થાય છે. માણસનું શરીર તાપમાન સાથે એડજસ્ટ થવા માટે ગરમી પેદા કરે છે પણ અતિશય ઠંડીમાં શરીર પેદા કરેલી ગરમી કરતાં વધારે ગરમી ગુમાવે છે. આ સ્થિતી લાંબો સમય રહે તો શરીરમાં સંગ્રહિત ઊર્જાનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવો પડે. શરીરની ઊર્જા વપરાતી જાય એટલે શરીરનું તાપમાન ઘટતું જાય. તેના કારણે હાયપોથર્મિયા એટલે કે શરીરનું તાપમાન સાવ ઓછું થઈ જાય એવી સ્થિતી સર્જાય છે. શરીરનું તાપમાન ઘટે તેની મગજ પર અસર વર્તાય છે. પરિણામે માણસ સરખી રીતે વિચારી શકતો નથી કે હલનચલન પણ કરી શકતો નથી. માણસની વિચારશક્તિ જ જવા માંડે તો શું કરવું તેની માણસને સૂઝ ના પડે તેથી આ સ્થિતી ખતરનાક કહેવાય. લાંબા સમય સુધી આ સ્થિતી રહે તો માણસનું મોત પણ નિપજે. અમેરિકામાં પડી રહેલી અતિશય ઠંડીના કારણે કરોડો લોકો હાયપોથર્મિયાનો ભોગ બનશે એવી ચેતવણી અપાઈ રહી છે. તેમને તાત્કાલિક ગરમ સ્થળે લઈ જવાં પડે પણ હાલ એ શક્ય નથી. ૧૫ કરોડ લોકો તો વીજળી વિના જીવી રહ્યા છે તેથી કોઈ રીતે ગરમી મેળવી શકે તેમ નથી તેથી કરોડો લોકોના જીવ ખતરામાં છે.

## અમેરિકાની અવદશા માનવજાત માટે મોટી ચેતવણી સમાન છે દક્ષિણ ધ્રુવ નજીક અનેક દેશો પોતાનો ખતરનાક કચરો ઠાલવી રહ્યા હોવાથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ

અત્યારે જ લોકોની હાલત ખરાબ છે ત્યારે તોફાન પીક ઉપર પહોંચે ત્યારે શું થશે તેની ચિંતા સૌને સતાવી રહી છે. ‘બોમ્બ સાયક્લોન’ ખતરનાક સ્વરૂપ ધારણ કરે તો પાંચસો કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે ઠંડા તોફાની પવનો ફૂંકાઈ શકે છે. આ પવનો મોટી મોટી ઈમારતો, પાવર પ્લાન્ટ્સ વગેરેને ધરાશાયી કરી શકે છે. તોતિંગ બાંધકામો તૂટી શકતાં હોય તો સામાન્ય લોકોનાં ઘરોની તો કોઈ વિસાત જ નથી. એવું થાય તો કેટલાં લોકો મરે તેની કલ્પના જ થથરાવી નંખનારી છે. હવામાનશાસ્ત્રીઓ અને પર્યાવરણવિદોનું કહેવું છે કે, અમેરિકાની હાલની અવદશા અમેરિકનો માટે જ નહીં પણ સમગ્ર માનવજાત માટે મોટી ચેતવણી છે. કહેવાતા વિકાસના નામે પર્યાવરણ સાથે થયેલાં ચેડાંની કિંમત અમેરિકનો અને કેનેડિયનો ચુકવી રહ્યા છે. કેનેડા દક્ષિણ ધ્રુવની નજીક આવેલું છે. બરફથી છવાયેલા આ પ્રદેશમાં સંશોધનના નામે જાત જાતની પ્રવૃત્તિઓ થાય છે, અમેરિકા સહિતના દેશો પોતાનો ખતરનાક કચરો ઠાલવે છે. આ કચરામાં બાયોલોજિકલ, ન્યુક્લીયર, ઈલેક્ટ્રોનિક એમ તમામ પ્રકારનો ખતરનાક કચરો આવી જતા દક્ષિણ ધ્રુવની ઈકો-સિસ્ટમ ખોરવાઈ જતા આવા વાતાવરણમાં વિપરિત સ્થિતિ સર્જાઈ છે.

માણસોની જરૂરીયાતો પૂરી કરવા માટે કુદરત સાથે ચેડાં કરાઈ રહ્યાં છે. જમીનોમાંથી ખોદકામ કરી કરીને ખનીજો અને બીજી ચીજો કઢાઈ રહી છે. વાતાવરણમાં થોકબંધ કાર્બન ઠલવાઈ રહ્યો છે. મહાસાગરોનાં પાણીમા કચરો ઠાલવીને તેમને પણ પ્રદૂષિત કરાઈ રહ્યાં છે. તેના કારણે જમીન અને વાતાવરણ બંનેનું સંતુલન ખોરવાઈ ગયું છે અને તેનાં ખતરનાક પરિણામ આવવા માંડયાં છે. દુનિયામાં જે દેશો વધારે વિકાસ કરીને બેઠા છે એ દેશો તેની વધારે કિંમત ચૂકવી રહ્યા છે.

કેટલાક પર્યાવરણવાદીએ તો ત્યાં સુધી કહી રહ્યા છે કે, દુનિયાના મોટા દેશો હજુ પણ નહીં સુધરે તો એક દિવસ આ રીતે જ પૃથ્વીનો વિનાશ થઈ જશે. આ રીતે કોઈ વાર અતિ વિનાશક ‘બોમ્બ સાયક્લોન’ કે બીજી કોઈ કુદરતી આફત આવીને બધું તબાહ કરી નાંખશે અને લોકો લાચાર બનીને મોતને ભેટવા સિવાય કશું નહીં કરી શકે. માનવજાતે પોતાનું અસ્તિત્વ ટકાવવું હોય તો કુદરત સાથે રમત બંધ કરવી જોઈએ. વિકાસના નામે અસંતુલનનો અતિરેક થઈ ગયો છે એ બંધ કરવો જોઈએ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# જીવનમાં પ્રત્યેક ઘટનાને ભગવાનની મંજૂરી જ માનો!

સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથી જ કદાચ આ પૃથ્વી ઉપર શ્વસતાં જીવ પ્રાણીમાત્રને એક કાર્ય કરવામાં ક્યારેય કંટાળો નથી આવ્યો, એ છે બીજાની ખામી જોવામાં; બીજાની ભૂલ કાઢવામાં, અને એમાંય આપણી મનુષ્યજાતિની દૃષ્ટિ તો ક્યાં સુધી પહોંચી ગઈ ? આપણને તો છેક સર્વકર્તા, સર્વસર્જનહાર એવા પરબ્રહ્મ પરમાત્મામાં પણ 'તેઓ આટલું બરાબર નથી કરતા...' એવું લાગવા માંડ્યું છે.

ઘોર ઉનાળાની વાત છે. વૈશાખના વસમા વાયરાથી બચવા માટે એક વટેમાર્ગુએ વડના વૃક્ષ નીચે વિસામો કર્યો. વડની છાયામાં તેણે ઠંડા તરબૂચનું તર્પણ પેટને ચઢાવી, અને પછી ત્યાં જ આરામ માટે લંબાવ્યું. થેલાનું ઓશિકું કરીને સૂતેલાં એ વટેમાર્ગુની નજર ગઈ વડની ડાળીઓ ઉપર પવનને લહેરખે ઝૂલતાં ટેટાઓ પર ગઈ. તેને વિચાર આવ્યો : 'આ ટેટા આટલા નાના અને તરબૂચ કેવાં મોટાં ! લાગે છે કે, ભગવાને ક્યાંક ભૂલ જરૂર કરી છે. નાના અમથા ટેટા ઊગે આવા મોટા ઝાડ ઉપર અને આટલાં મોટાં તરબૂચ ઊગે સાવ નાજૂક-નમણી વેલી પર! હં... આવું તે કાંઈ હોતું હશે ? ખરા ભૂલકરણા છે ભગવાન...'

હજી તો વટેમાર્ગુ મહાશય આવું વિચારે છે, ત્યાં તો પવનની એક લહેર આવી અને એક ટેટો ડાળી પરથી તૂટીને સીધો પડ્યો વટેમાર્ગુના કપાળ પર. 'આ...' તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ - તમ્મર આવી ગયાં. હજી ટેટો પડ્યો જ છે ત્યાં તો કપાળે મોટું ઢીમચું થઈ ગયું. ભગવાનની ભૂલ કાઢનાર એ વટેમાર્ગુને હવે ભાન થયું કે 'ભગવાને જે કર્યું છે તે સારું જ કર્યું છે... ત્રીસ ગ્રામના પણ નહીં એવા આ ટેટાથી આવું થયું, તો વડ ઉપર જો તરબૂચ ઊગતાં હોત તો શું થાત ?'

આ તો એ વટેમાર્ગુની વાત થઈ જેને સૃષ્ટિમાં કંઈક જોયું અને લાગવા માંડ્યું કે 'ભગવાન આવું કેમ કરે છે?' પણ જ્યારે આપણા જીવનમાં બનતા ઘટનાઓ-પ્રસંગોને આપણે તપાસીએ ત્યારે આપણને પણ એમ જ થયા કરે કે 'ભગવાન મારી સાથે જ કેમ આવું કરે છે?' 'કૂતરાની તો માત્ર પૂંછડી જ વાંકી હોય, મારાં તો આખે-આખાં નસીબ જ વાંકાં છે.'

'ભગવાનને હું જ દેખાયો? ' 'હે પ્રભુ! તારા દરબારમાં આવો અન્યાય કેમ ?' હા, આવા તો કંઈ કેટલાય પ્રશ્નોની ભરમાર લઈને ઘણા દિલદર્દીઓ ફરતા હોય છે. પણ આવા પ્રશ્નોનાં ગાણાં ગાનારને એકવાર વિચારવા જેવું તો ખરું : ' શું આવાં રોદણાં રડવાથી મુશ્કેલી જતી રહેવાની છે ? શું ફરિયાદો કરવાથી પ્રશ્નોનું સમાધાન થઈ જવાનું છે ? '

આવો, જેમનો જન્મશતાબ્દી મહોત્સવ આ વર્ષે ઉજવાઈ રહ્યો છે એવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ આ વિષે શું કહે છે? તે સમજીએ...

યુવાનીના સહજ આવેગનો શિકાર બની બેઠેલો એક યુવાન એકવાર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ પોતાની પ્રેમવ્યથા ઠાલવવા



માંડ્યો : 'હું એક છોકરીના પ્રેમમાં છું, પરંતુ એનાં મા-બાપના દબાણને લીધે તેના વિવાહ બીજે થઈ ચૂક્યા છે. મારે એની સાથે જ લગ્ન કરવાં છે. જો એમ નહીં બને તો હું આત્મહત્યા કરીશ. એના માટે સો જન્મ ધરવા હું તૈયાર છું. મને આશીર્વાદ આપો.'

પ્રમુખસ્વામી મહારાજ તેની બાલિશતા જોઈને થોડીવાર તો મૌન રહ્યા, પછી કહ્યું : 'ભગવાનની ઈચ્છાથી આમ થયું છે, માટે આમાં તારું હિત છે.'

પણ આ વાત તે યુવાનને મંજૂર નહોતી : 'પણ મારી સાથે જ કેમ આવું કર્યું? '

'થોડા દા'ડા એવું દુ:ખ લાગશે, કારણ કે વેગ છે. પણ ભૂલી જવાનું. ભવિષ્યમાં તમને બેયને મુશ્કેલી આવવાની હોય, એના કરતાં ભગવાને અત્યારથી જ નામંજૂર રાખ્યું. માટે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજે. આત્મહત્યા કરવાનો વિચાર કરતો નહીં. આટલું મારું વચન માન. અને જીવમાંથી દૃઢતા કર કે ભગવાને જે કર્યું છે એ સારા માટે જ છે.' પ્રમુખસ્વામી મહારાજે જાણે જીવન-અમૃત પાયું.

હા, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે પણ સ્વહસ્તે લખેલા ગીતા-શિક્ષાપત્રી તુલ્ય ગ્રંથ સત્સંગદીક્ષામાં લખ્યું છે,

**'भगवान् कुरुते यद्धि हितार्थमेव तत्सदा। ४८॥'**

અર્થાત્ 'ભગવાન જે કરે તે સદાય સારા માટે જ હોય. (૪૮)

ગમે તેવા વિપરીત સંજોગોમાં, કઠણ મુશ્કેલીઓમાં, આપણા ધાર્યા પ્રમાણે કશું જ ન થાય, ત્યારે આ એક વિચાર સહુ કોઈને ખરેખર હિંમત આપે એવો છે. વિચાર નાનો, પણ જો કાયમ રહે તો આપણો આનંદ કોઈ છીનવી ન શકે.

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એમને તો દરેકનું સારું જ કરવું છે. ભલે આપણને ભૂંડું થતું હોય એવું લાગે, પણ કોઈનું ભૂંડું થાય એવું ભગવાન ક્યારેય ઈચ્છે જ નહીં.'

તો આવો, આપણને થયેલાં આ નૂતન 'પ્રમુખ દર્શન' મુજબ પ્રસંગે-પ્રસંગે આવતી (આપણને લાગતી) મુશ્કેલીરૂપ ભગવાનની ભૂલને ખરેખર કૃપાપ્રસાદ સમજીને અપનાવી લઈએ; એ પ્રશ્નો-મુશ્કેલીઓને જ આપણા અનુભવરૂપી પાયા બનાવી તેના પર સફળતાની ઈમારત ચણતા રહીએ...

**નથી આ કોઈ મુશ્કેલી, આ તો પગથિયું સફળતા ભણી;**
**મોકલ્યું મારે માટ પ્રભુએ, કૃપા કરી ઘણી ઘણી...**
**પ્રભુ હજુ મોકલ ઘણું, જરા કરું ફરિયાદ નહીં;**
**વધે જીવન આનંદ ઘણો, પાઉં પ્રસાદ તારો અહીં...**

શબ્દાવધિ - ૬૮૫ શબ્દ

**- સાધુ વેદકીર્તિદાસ**







HAPPY NEW YEAR
2023
HAPPY
NEW YEAR!
Paresh Peshva
Broker
416-302-4531
SAVE MAX
Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated
BUY • SELL • LEASE • INVEST

# કબૂતરબાજીના સૂત્રધાર ભરત પટેલ પાસેથી અનેક નકલી પાસપોર્ટ મળ્યાં

## - અમેરિકામાં ગેરકાયદે ઘુસાડવાના નેટવર્કમાં 18 સામે નવી ફરિયાદ

**અમદાવાદ**

કબૂતરબાજીના માસ્ટરમાઈન્ડ ભરત ઉર્ફે બોબી પટેલની ઓફિસમાંથી SMCએ જપ્ત કરેલ 79 પાસપોર્ટમાંથી 4 નકલી હોવાનું સામે આવ્યુ છે. જ્યારે એક પાસપોર્ટની ખરાઈ કરવાનું બાકી હોવાથી પાસપોર્ટ ઓથોરિટી દ્વારા કાર્યવાહી શરૂ કરી છે.ગુજરાતમાં કબૂતરબાજીના નેટવર્કનો માસ્ટર માઈન્ડ 47 વર્ષીય ભરત ઉર્ફે બોબી રામાભાઈ પટેલને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગત, 14 ડિસેમ્બરે ગાંધીનગર પાસેથી ધરપકડ કરી હતી. બાદમાં બોબી પટેલની ચાંદલોડિયા, ગુજરાત વિદ્યાપીઠ પાસેની ઓફિસમાંથી SMCએ સર્ચ કરીને 79 જેટલા શંકાસ્પદ પાસપોર્ટ, એક લેપટોપ અને અન્ય ડોક્યુમેન્ટ જપ્ત કર્યા હતા. 79 પાસપોર્ટની SMCએ ખરાઈ કરાવતા 4 પાસપોર્ટ ડમી હોવાનું સામે આવ્યુ હતુ. ચાર ડમી પાસપોર્ટ બોબી પટેલ અને તેના સાગરીતોએ બનાવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. આટલુ જ નહીં, બોબીના અમદાવાદમાં 4,મહેસાણા - ગાંધીનગરમાં 4, મુંબઈમાં 3, દિલ્હીમાં 5, અને અમેરિકામાં 1 એમ મળીને 17 આરોપીઓના નામ બહાર આવ્યા છે. જેને લઈને SMCએ સોલા પોલીસ સ્ટેશનમાં ભરત ઉર્ફે બોબી પટેલ, અમેરિકામાં રહેતા ચરણજીતસિંહ સહિત કબૂતરબાજી કરતા 18 જેટલા શખ્સો સામે ફરિયાદ નોંધી છે. SMCના અધિકારીએ જણાવ્યુ કે, ભરત ઉર્ફે બોબી પટેલ સિવાય ભારતમાં રહેતા 16 જેટલા કબૂતરબાજોની ટૂંકસમયમાં ધરપકડ કરાશે. અમેરિકામાં છૂપાયેલ ચરણજીતસિંહની ધરપકડ કરવા માટે અમેરિકા એમ્બેસી અને FBIને SMCએ કરી છે.

# ગુજરાતમાં અંગત વપરાશ માટે એક જ વર્ષમાં ત્રણ ચાર્ટર્ડ પ્લેન ખરીદાયા

## કોર્પોરેટ માંધાતા, નેતાઓમાં વિમાન, હેલિકોપ્ટર્સની માગ

**અમદાવાદ**

ગુજરાતના કોર્પોરેટ જગતના માંધાતાઓ, સરકારી પ્રતિનિધિમંડળો, મોટા રાજકીય નેતાઓ અને ધાર્મિક પ્રવાસનોને અનુલક્ષીને રાજ્યમાં ખાનગી વિમાન અને હેલિકોપ્ટરની માગ વધી રહી છે. જેથી, ઉડ્ડયન કંપનીઓ અને કોર્પોરેટ જગત વિમાનો અને હેલિકોપ્ટરને ખરીદી રહ્યા છે. વર્ષ 2019ના ડેટા મુજબ, ગુજરાતમાં મોટો કોર્પોરેશન 19 એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરની માલિકી ધરાવે છે. આ આંકડામાં ચાલુ વર્ષે વધુ ત્રણ ઉમેરાયા છે અને કુલ સંખ્યા 22ની થઈ છે. તાજેતરમાં હેસ્ટર બાયો સાયન્સિસના એમડી અને સીઈઓ રાજીવ ગાંધી એરોટ્રાન્સના માલિક છે. જેણે રવિવારે 4+1 સીટરનુ બેલ 505 હેલિકોપ્ટર ખરીદ્યુ છે.

આ હેલિકોપ્ટની બજારકિંમત રુ. 21 કરોડ છે. ઈન્ડોનેશિયા અને જમૈકાના સંરક્ષણ દળો અને યુએસના કેટલાક રાજ્યોમાં પોલીસ વિભાગ દ્વારા આ હેલિકોપ્ટરનો ઉપયોગ કરાય છે. અર્થતંત્રમાં સુધારો થતા અને વિદેશી નાગરિકો દ્વારા સતત ભારતની મુલાકાતના લીધે ખાનગી વિમાન અને હેલિકોપ્ટરની માગ વધી છે.

# દક્ષિણ આફ્રિકા ખાતે પ્રથમ નૂતન સ્વામિનારાયણ મંદિરનું થશે લોકાર્પણ

**અમદાવાદ**

આફ્રિકાના નૌરોબીમાં વડતાલ તાબાનું નૂતન સ્વામિનારાયણ મંદિરનું તા. 1 જાન્યુઆરીના રોજ લોકાર્પણ યોજાનાર છે. આ દિવ્ય પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેન દેવપ્રકાશદાસજી સ્વામી,મુખ્ય કોઠારી સંત સ્વામી, નૌતમપ્રકાશદાસજી સ્વામી સહિત સંતો, હરિભકતો ઉપસ્થિત રહેશે વડતાલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સંત સ્વામીએ જણાવ્યું હતું કે, વડતાલ તાબા નું આફ્રિકામાં પહેલું સ્વામિનારાયણ મંદિર બન્યું છે.આફ્રિકાના નૌરોબીમાં આ મંદિરનો શિલાન્યાસ 5 ડિસેમ્બર 2020 નારોજ કરવામાં આવ્યો હતો. આ મંદિર 21842 સ્કવેર ફૂટમાં જમીનમાં પથરાયેલું છે. આ નૂતન મંદિરનું તા. 1 જાન્યુઆરી 2023 નારોજ લોકાર્પણ યોજાશે. આ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં 99 સંતો અને 150 સત્સંગી સાથે વડતાલના આચાર્ય મહારાજ હાલ કેન્યાના સત્સંગ પ્રવાસે છે. આ નૂતન મંદિર શિખર સાથે 60 ફૂટ ઊચું, 110 ફૂટ પહોંળુછે. મંદિરના ગર્ભગૃહની સાઈઝ 10 ફૂટ છે. જેમાં ભગવાન હરિકૃષ્ણમહારાજની 4.8 ફૂટ ઊંચી મૂર્તિની પ્રતિષ્ઠા કરાશે . આ સાથે સાથે અન્ય 3.5 ફૂટની અલગ-અલગ મૂર્તિ સ્થાપશે.

# ધારાસભ્યોને કોઈ નાનમ નથી, કરોડપતિઓએ પણ મેડિકલના લાખોના બિલ પાસ કરાવ્યા

**ગાંધીનગર**

પગાર તો છોડો ધારાસભ્યો કંઈ પણ છોડે એમ નથી. રાજ્યમાં 156 ધારાસભ્યો કરોડપતિ હોવા છતાં માત્ર 2 ધારાસભ્યોએ પગાર ભથ્થાં લેવાની ના પાડી છે. એક બાજુ ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ માં કાર્ડના માધ્યમ ગરીબ લોકોને મફતમાં તબીબી સારવાર આપવામાં આવે છે. બીજી તરફ, ભાજપ-કોંગ્રેસના કરોડપતિ ધારાસભ્યો તમામ સુવિધાઓથી સજ્જ સરકારી હોસ્પિટલમાં સારવાર લેવામાં ય નાનમ અનુભવે છે. પ્રજાના ટેક્સના પૈસે અન્ય રાજ્યમાં જઈને કોર્પોરેટ હોસ્પિટલોમાં કરોડોના ખર્ચે અદ્યતન સારવાર મેળવે છે. એટલુ જ નહીં, આ તબીબી સારવારની સુવિધા લઈને લાખો-કરોડોના બિલ મજૂંર કરાવે છે. ભાજપ-કોંગ્રેસના ધારાસભ્યો અને તેમના પરિવારના સભ્યોની સારવાર પાછળ ગુજરાત સરકારે રૂા.૫.૭૨ કરોડ ખર્ચ્યા છે.

પૂર્વ આરોગ્ય મંત્રી સ્વ.ડો. અનિલ જોશીયારાનું કુલ મેડિકલ બિલ રૂા.૧.૨૫ કરોડ રજૂ કરાયુ હતું. ઉપરાંત ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ રૂા. ૩,૧૪,૮૮૦, રૂા.૬.૦૭ ૪૫૧ અને રૂા.૨,૨૭,૫૮૪ એમ કુલ મળીને રૂા.૧૧,૪૯,૯૧૫ના મેડિકલ બિલ રજૂ કર્યા હતાં. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડો.નીમાબેન આચાર્ય ખુદ ડોક્ટર છે. આ ઉપરાંત તેમની પોતાની હોસ્પિટલ હોવા છતાંય તેમણે રૂા.૧ લાખથી વધુના મેડિકલ બિલ મંજૂર કરવા મુક્યા હતાં. ખાદીના પહેરવેશમાં સજ્જ થઈને લોકસેવા કરતા ચૂંટાયેલાં ધારાસભ્યો આમ જનતાને સરકારી હોસ્પિટલોમાં સારવાર મેળવવા ભલામણ કરતા હોય છે પણ જયારે પોતે અથવા તેમના પરિવારજનો બિમાર પડે કે ગંભીર બિમારીનો ભોગ બને તો તે ખાનગી હોસ્પિટલમાં જ સારવાર મેળવવાનો આગ્રહ રાખે છે.

# કેડી હોસ્પિટલમાં દર્દીમાં કિડની-લિવર ટ્રાન્સપ્લાન્ટનો દુર્લભ કેસ

**અમદાવાદ**

રક્તદાન અને અંગદાનને મહાદાન ગણવામાં આવે છે. તાજેતરમાં એક દુર્લભ ઘટનામાં અમદાવાદની કેડી હોસ્પિટલ ખાતે ટ્રાન્સપ્લાન્ટ ટીમ દ્વારા એક જ દર્દીમાં લિવર અને કિડની બંનેનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ભૂજની કે.કે. સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૬૭ વર્ષીય મહિલાને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. તેમના પરિવારના સદસ્યો કાઉન્સિલિંગ-ચર્ચા બાદ અંગદાન માટે સંમત થયા હતા. આ પછી અદ્યતન ઓર્ગન સ્ટોરેજ અને ટ્રાન્સફર સેટઅપથી સજ્જ એમ્બ્યુલન્સમાં કેડી હોસ્પિટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જનો-સપોર્ટ સ્ટાફની ટીમ ભૂજ પહોંચી ગઈ હતી. અંગોની સફળતાપૂર્વક પ્રાપ્તિ કર્યા બાદ હોસ્પિટલથી ભૂજ એરપોર્ટ અને ત્યારબાદ એર એમ્બ્યુલન્સ દ્વારા અમદાવાદ એરપોર્ટ તરફ લઈ જવા માટે ગ્રીન કોરિડોર બનાવાયો હતો. આ અંગોને અમદાવાદ એરપોર્ટથી ગ્રીન કોરિડોર દ્વારા કેડી હોસ્પિટલ પહોંચાડાયા હતા.

# હવે દરેક વેપાર-ઉદ્યોગ સાથે થતાં નાણાંના ફ્રોડ રોકવા SIT મદદ કરશે

**અમદાવાદ**

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ સુવિધાનો લાભ ગુજરાતના તમામ બજારના વેપારીઓને મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય કયો હોવાની વેપારીઓ એસોસિયેશનો અને સંસ્થાઓને જાણ કરી છે. હા, તેની સાથે એક શરત એ રાખવામાં આવી છે કે વેપારી સાથે થયેલા ફ્રોડ પ્રાથમિક તપાસ કરીને સંસ્થાના લેટર હેડ પર ભલામણ કરાયા બાદ SIT તેઓને મદદ કરશે.

# અમદાવાદ એરપોર્ટને ૬ મહિનામાં ફ્લાઇટ ચાર્જથી ૯ કરોડની આવક

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ફ્લાઈટ,મુસાફરોની અવર-જવરમાં સતત વધારો થઈ રહ્યો છે. દૈનિક ફ્લાઈટ ૨૩૦ જ્યારે દૈનિક મુસાફરોની અવર-જવર ૩૫ હજારને પાર થઈ ગઈ છે. આ જ કારણ છે કે, અમદાવાદ એરપોર્ટને ફ્લાઈટના ટેક્ ઓફ્-લેન્ડિંગ અને રૂટ નેવિગેશન ફેસિલિટી ચાર્જથી ૬ મહિનામાં જ રૂ. ૮.૭૦ કરોડની આવક થઈ થઈ છે. આમ, અમદાવાદ એરપોર્ટને ફ્લાઈટના ટેક્ ઓફ્-લેન્ડિંગ, રૂટ નેવિગેશન ફેસિલીટી ચાર્જથી દરરોજ સરેરાશ ૫૦ હજારની આવક થાય છે. કોઈ પણ કોઈ પણ એરપોર્ટમાં પેસેન્જર એરક્રાફ્ટ, કાર્ગો, સ્પેશિયલ એરક્રાફ્ટ ટેક્ ઓફ્ કે લેન્ડિંગ કરે તો તેના માટે તેની પાસેથી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ચાર્જ વસૂલવામાં આવે છે. ડોમેસ્ટિક એરક્રાફ્ટમાં આ રેટ ઘટી જાય છે. આમ, ટેક્ ઓફ્-લેન્ડિંગ, રૂટ નેવિગેશનને આધારે અમદાવાદ એરપોર્ટને ૨૦૧૯-૨૦માં ૭.૮૫ કરોડની આવક થઈ હતી.

# ઈજનેરીના પ્રથમ વર્ષના પાઠયપુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર થઈ ગયાં

**અમદાવાદ**

ઈજનેરીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં શિક્ષણ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે આગામી નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ લેવાનારા ઈજનેરીના વિદ્યાર્થીઓ માટે કુલ 12 ભાષામાં પાઠયપુસ્તકોનું અનુવાદ પૂર્ણ થઈ ગયુ હોવાની ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આમ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) માં આગામી વર્ષે પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં અભ્યાસક્રમ ભણાવવામાં આવશે.

# ગુજરાતમાં પણ કોંગ્રેસ યાત્રાના ભરોસે: 15મીથી 'હાથ સે હાથ જુડે' અભિયાન

**ગાંધીનગર**

ગુજરાત જોડો યાત્રા `હાથ સે હાથ જુડે'ના બેનર હેઠળ યાત્રા યોજશે. સંપૂર્ણ ગુજરાતમાં 3 મહિના સુધી `હાથ સે હાથ જુડે' અભિયાન ચલાવવામાં આવશે આ યાત્રામાં દરેક તાલુકા પંચાયત અને દરેક વિધાનસભા બેઠકોને આવરી લેવાશે. ગુજરાત જોડો યાત્રાની શરૂઆત 15મી જાન્યુઆરી બાદ થશે. સમગ્ર અભિયાનની જવાબદારી મિલિંદ દેવરાને સોંપાઈ છે. ત્યારે ભરતસિંહ સોલંકીને જમ્મૂ-કશ્મીરતો અર્જુન મોઢવાડિયાને ઝારખંડની જવાબદારી સોંપાઈ છે. ભારત જોડો યાત્રાની તર્જ પર હવે ગુજરાત કોંગ્રેસ છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા ટૂંક સમયમાં ગુજરાત જોડો યાત્રા શરૂ કરાશે.

# CMના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કે. કૈલાશનાથનની નિમણૂંક

**ગાંધીનગર**

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ તરીકે પૂર્વ આઈએએસ અધિકારી કે. કૈલાશનાથનની નિમણૂંક કરવામાં આવી છે. કે. કૈલાશનાથનની નિમણૂંક 12 ડિસેમ્બરથી લાગૂ થઈ ગઈ છે અને તેઓ એક વર્ષ સુધી આ પદ પર રહેશે. તેમને કરાર આધારિત નિમણૂંક આપવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલે તેમના મુખ્ય સલાહકાર અને સલાહકાર એમ બે નવી જગ્યાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ઊભી કરીને રાજ્યના બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક કરી છે. વહીવટને સુગમ બનાવવા પ્રયાસ કર્યો છે. અધિકારીઓની સલાહથી વહીવટ સુધારવા પ્રયાસ થશે.

# અમદાવાદ મ્યુનિ.એ ૧૮૦ મિલીયન વીજ યુનિટનું ઉત્પાદન કર્યું

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર મહિને ૧૭ કરોડ જેટલી રકમ વીજબીલ ભરવા માટે ચૂકવવામા આવે છે.બીજી તરફ વિન્ડ પાવર પ્રોજેકટ પોલીસી હેઠળ તંત્ર દ્વારા કચ્છના નખત્રાણા તેમજ જામજોધપુર ખાતે વિન્ડ પાવરની મદદથી વીજ યુનિટ જનરેટ કરવા નાંખવામાં આવેલા પ્લાન્ટથી ૧૮૦ મિલીયન વીજ યુનિટનું ઉત્પાદન કરી રુપિયા ૧૨૪ કરોડની બચત કરી છે.નખત્રાણા ખાતે ત્રણ અને જામજોધપુર ખાતે એક એમ કુલ ચાર વિન્ડ પાવર પ્રોજેકટ તંત્ર દ્વારા કાર્યરતકરવા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી રુપિયા ૧૪૫ કરોડનુ મૂડી રોકાણ કરવામા આવ્યુ છે.

# જાન્યુ.થી દેશમાં કોરોનાની ત્રીજી લહેરની દહેશત, આગામી 40 દિવસ મુશ્કેલીભર્યા

## દેશભરના એરપોર્ટ પર વાયરસ માટે વિદેશી મુસાફરોના રેન્ડમ સેમ્પલિંગ શરૂ

**નવી દિલ્હી**

ચીનમાં કોરોના વાયરસે વરસાવેલા હાહાકાર પછી ભારતમાં પણ ચિંતાજનક ખબરો મળી રહી છે. આધારભૂત સાધનોના જણાવ્યા મુજબ આગામી ૪૦ દિવસ ભારત માટે મુશ્કેલીભર્યા બની રહેવાના છે. કારણ કે જાન્યુઆરીમાં કોરોના કેસો વધવાની પૂરી સંભાવના દેખાઈ રહી છે. બીજી તરફ વાસ્તવમાં પૂર્વ એશિયામાં કોવિદ ફેલાયા પછી ૩૦-૩૫ દિવસે ભારતમાં કોવિદનું મોજું આવ્યું હતું. આ એક ટ્રેન્ડ બની ગયો છે જેના આધારે આ અનુમાન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર આગામી સપ્તાહથી ચીન અને અન્ય પાંચ દેશો જાપાન, દક્ષિણ કોરિયા, હોંગકોંગ, થાઈલેન્ડ અને સિંગાપોરથી આવતા યાત્રીઓ માટે નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ ફરજિયાત બનાવે તેવી શક્યતા છે તેમ



સત્તાવાર સૂત્રોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ચીનમાં ફેલાયેલા કોવિદ-મોજાનું કારણ ઓમિક્રોનનું સબ વેરિયન્ટ બી-એફ-૭ છે. આ પ્રકારના બધા જ સબ-વેરિયન્ટ ઝડપભેર સંક્રમણ ફેલાવે છે.

# યમુના એક્સપ્રેસ-વે પર મહિલા સાથે ગેંગરેપ, ત્રણ આરોપીઓની ધરપકડ

## નોઈડાથી ફિરોઝાબાદ જવા માટે શેરિંગ ટેક્સી કરવી હતી

**લખનઉ**

ઉત્તર પ્રદેશના યમુના એક્સપ્રેસ વે પર એક મહિલા પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે. મહિલા નોઈડાથી ફિરોઝાબાદ જઈ રહી હતી, ત્યારે તેની સાથે આ ઘટના બની. આ કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.જણાવવામાં આવી રહ્યું છે કે મહિલા રાત્રે 8.30 વાગ્યે નોઈડાના સેક્ટર 37 થી ફિરોઝાબાદ જવા માટે શેરિંગ ટેક્સીમાં સવાર થઈ હતી. યમુના એક્સપ્રેસ વે પર આવ્યા બાદ મુસાફરોએ યુવતી સાથે ગેરવર્તણૂક કરતા હતા

મળતી માહિતી મુજબ, આગરાના કુબેરપુર વિસ્તારમાં રાત્રે લગભગ એક વાગે ઈકો કારમાં બેઠેલા આરોપીઓ મહિલાને બળજબરીથી એક્સપ્રેસ વેની બાજુની ઝાડીઓમાં લઈ ગયા અને ત્યાં સવારે 4:00 વાગ્યા સુધી બાળકી સાથે બળાત્કાર કરતા રહ્યા. મહિલા ચીસો પાડતી, રડતી અને વિનંતી કરતી રહી, પરંતુ ઠંડી અને ધુમ્મસને કારણે રાત્રે કોઈએ તેનો અવાજ સાંભળ્યો નહીં. બળાત્કાર કર્યા બાદ આરોપીએ મહિલાને ઓટોમાં બેસાડી અને ફિરોઝાબાદ જવા રવાના થઈ ગયા. ટોલ ફૂટેજના આધારે, પોલીસે વાહનની ઓળખ કરી અને તેને રીકવર કર્યું હતું.

# રાજસ્થાનમાં પેપર લીકમાં પ્રેમિકા-પત્નીની સહિત 6 લોકોની ધરપકડ

## દરોડામાં 4 ડઝન નકલી ડિગ્રી-માર્કશીટ મળી આવી

**જયપુર**

રાજસ્થાન શિક્ષક ભરતી પેપર લીક કેસમાં પોલીસ કાર્યવાહી ચાલુ છે. હવે પોલીસે ભૂપેન્દ્ર સરનની પ્રેમિકા અને પત્ની સહિત 6 લોકોની ધરપકડ કરી છે, જેઓને આ લીક કાંડના માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. જયપુરના પોલીસ કમિશનરે મીડિયાને જણાવ્યું કે, RPSC પેપર લીક કેસમાં

પોલીસે માસ્ટરમાઈન્ડ સુરેશ ઢાકા અને ભૂપેન્દ્ર સરન સાથે જોડાયેલા લોકો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ભૂપેન્દ્ર સરનની ગર્લફ્રેન્ડ અને પત્ની સહિત 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત આ દરોડામાં 4 ડઝન નકલી ડિગ્રી અને માર્કશીટ મળી આવી છે. પોલીસ કમિશનર આનંદ શ્રીવાસ્તવે મીડિયાને જણાવ્યું હતું કે, બાતમીદાર પાસેથી મળેલી માહિતીના આધારે કરણી બિહાર પોલીસ સ્ટેશનની બનેલી ટીમે નકલ કરનાર ગેંગ પકડી છે તેમાં માસ્ટરમાઈન્ડ ભૂપેન્દ્ર સરન-ભાઈ ગોપાલના પ્લોટ પર નકલ સાથે સબંધિત યુનિવર્સિટીઓની નકલી ડિગ્રીઓ અને માર્કશીટ બનાવવાનો બિઝનેસ ચાલી રહ્યો છે.

# TDP પ્રમુખ ચંદ્રબાબુ નાયડૂના રોડ શો દરમિયાન નાસભાગ, 8 લોકોના મોત

## મૃતકોના પરિવારને 10-10 લાખ રૂપિયાની આર્થિક સહાયની ચંદ્રબાબુ નાયડુની જાહેરાત

**કંદુકુર**

નેલ્લોર જિલ્લાના કંદુકુર ખાતે બુધવારે TDP પ્રમુખ અને આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રીચંદ્રબાબુ નાયડુના રોડ શો દરમિયાન નાસભાગમાં 8 લોકોના મોત થયા હતા. આ દરમિયાન અનેક લોકો ઘાયલ પણ થયા છે. ચંદ્રબાબુ નાયડુ તેમના પક્ષના પ્રચારના ભાગ રૂપે જિલ્લાની મુલાકાતે હતા અને તેમના સ્વાગત માટે સમર્થકો એકઠા થયા હતા. ઘટના બાદ ચંદ્રાબાબુ નાયડુ રોડ શો અધવચ્ચે છોડીને હોસ્પિટલ પહોંચી ગયા હતા જ્યાં ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે. ટીડીપી નેતા એન ચંદ્રબાબુ નાયડુએ મૃતકોના પરિવારને 10-10 લાખ રૂપિયાની આર્થિક સહાય અને એનટીઆર ટ્રસ્ટ શૈક્ષણિક સંસ્થાઓમાં તેમના બાળકોને શિક્ષણ આપવાની



જાહેરાત કરી છે. પોલીસે જણાવ્યું કે, TDP નેતા એન ચંદ્રબાબુ નાયડુ દ્વારા આજે નેલ્લોર જિલ્લાના કંદુકુર ખાતે આયોજિત જાહેર સભા દરમિયાન પક્ષના કાર્યકરો વચ્ચે થયેલી ઝપાઝપીમાં 8 TDP કાર્યકરો માર્યા ગયા હતા.

# કેરળમાં પ્રતિબંધિત સંગઠન પીએફઆઈના સભ્યોના 56 સ્થળે એનઆઈએના દરોડા

## NIA દેશના ઘણા મામલાઓને લઈને ગેંગસ્ટરો વિરુદ્ધ તપાસ હાથ ધરવામાં આવી

**નવી દિલ્હી**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ફરી એકવાર પ્રતિબંધિત સંગઠન પીપલ્સ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પર કાર્યવાહી કરી છે. આજે વહેલી સવારે કેરળમાં 56 સ્થળો પર એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. કેન્દ્ર દ્વારા સંગઠન પર પ્રતિબંધના વિરોધમાં કેરળમાં પણ હડતાલ જોવા મળી હતી. આ અગાઉ પ્રતિબંધિત સંગઠન પર દરોડા પાડી અને તેના પર કાર્યવાહી કરવામાં આવતા રાજ્યમાં વ્યાપક હિંસા થઈ હતી. કેરળ હાઈકોર્ટે હિંસાની સુઓમોટો સંજ્ઞા લીધી અને કેરળની ડાબેરી મોરચાની સરકારને હડતાળ દરમિયાન જાહેર સંપત્તિને થયેલા નુકસાન માટે આરોપીઓ અને અધિકારીઓને વળતર આપવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

NIAના અધિકારીઓના જણાવ્યા અનુસાર સંગઠનને નવા નામ સાથે ફરી એકવાર શરુ કરવાના પ્રયાસોને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેરળના આ કટ્ટરવાદી સંગઠને દેશભરમાં પોતાના મૂળિયા જમાવી લીધા હતા. આ સંગઠનની ગેરકાયદેસર ગતિવિધિઓને જોતા કેન્દ્ર સરકારે સપ્ટેમ્બરમાં તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. એર્નાકુલમમાં PFI નેતાઓ સાથે જોડાયેલા આઠ જુદા જુદા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત તિરુવનંતપુરમમાં 6 પરિસરમાં એજન્સીઓ દ્વારા તપાસ ચાલી રહી છે.

# રાજસ્થાનમાં ધર્માંતરણમાં હિંદુ ગ્રંથને સળગાવવાનો આરોપ, 3ની ધરપકડ

## ગ્રંથ ભગવદ્ ગીતાને સળગાવવાની પુષ્ટિ થઇ નથી: પોલીસ

**બાડમેર**

બાડમેર જિલ્લામાં કેટલાક લોકો ધર્મ પરિવર્તન કરાવી રહ્યા હતા. આ દરમિયાન તેમણે હિંદુ ધાર્મિક પુસ્તકને બાળી નાખ્યું અને તેને પગથી કચડી નાખ્યું હતુ. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ હિન્દુ સંગઠનના લોકો વિરોધમાં આવ્યા અને આરોપીઓની ધરપકડની માંગ કરી હતી.

હિન્દુ સંગઠનનો આરોપ છે કે, પોલીસ ધારાસભ્યના દબાણમાં આવી કાર્યવાહી નથી કરી રહી. હાલમાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ મામલો બખાસર ગામનો છે જ્યાં બે દિવસ પહેલા કેટલાક લોકો બૌદ્ધ ધર્મ અપનાવવાના નામે જનજાગૃતિ કાર્યક્રમ કરવા પહોંચ્યા હતા. કાર્યક્રમ બાદ 10 લોકોએ હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. એવો આરોપ છે કે, ત્યારબાદ લોકોએ જય ભીમના નારા લગાવ્યા હતા. આ સાથે જ તેઓએ હિન્દુ ધાર્મિક પુસ્તક ફાડી નાખ્યું અને તેને સળગાવી દીધું હતું અને ત્યારબાદ તેઓએ અડધા બળી ગયેલા પુસ્તકને પગથી કચડવા લાગ્યા હતા.

# ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપના દિને ખડગેના ભાજપ ઉપર અનેક પ્રહારો

**નવી દિલ્હી**

નવી દિલ્હી : વિશ્વની સૌથી જૂની રાજકીય પાર્ટીઓ પૈકીની એક અને ભારતની સૌથી પહેલી રાજકીય પાર્ટી, ગ્રાન્ડ-ઓલ્ડ-પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આજે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૨૮મા સ્થાપના દિને ભારતીય જનતા પક્ષ (ભાજપ) ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે, 'ભાજપે વિભાજન કર્યું છે. ધિક્કારના બીજ વાવ્યા છે અને બેકારી ફેલાવી છે. ભારતની ભાવના ઉપર સતત આક્રમણો થઈ રહ્યા છે.' તેઓએ વધુમાં કહ્યું હતું કે, 'રોજેરોજ દેશમાં ધિક્કાર ઉંડો અને ઉંડો પ્રસરી રહ્યો છે. જનસામાન્ય ફુગાવા અને બેકારીના બોજ નીચે દબાઈ રહી છે પરંતુ સરકારને તેની કશી જ પડી નથી.'

# જમ્મુના સિદ્દડામાં સુરક્ષાદળો સાથે અથડામણમાં ચાર આતંકવાદી ઠાર

## 7 એકે-47 રાઇફલ, 3 પિસ્ટલ, એમ-4 રાઇફલ, ગ્રેનેડ મળી આવ્યાં

**જમ્મુ**

જમ્મુ શહેરના છેવાડે આવેલા સિદ્દડા વિસ્તારમાં બુધવારે વહેલી સવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ સર્જાઇ, જેમાં ચાર આતંકી ઠાર મરાયા. ચારેય આતંકીના મૃતદેહ કબજે લેવાયા હતા. તેમની પાસેથી હથિયારો પણ મળી આવ્યા હતા. અથડામણના પગલે આસપાસના વિસ્તારની નાકાબંધી કરીને અને વાહનવ્યવહાર રોકીને સઘન શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર સિદ્દડા પુલ નજીક નાકા પર સવારે સાડા સાત વાગ્યાની આસપાસ પોલીસકર્મીઓએ જેકે 18 - 1226 નંબરની ટ્રક ચેકિંગ માટે રોકી હતી. પોલીસને જોતાં જ ટ્રકનો ડ્રાઈવર નાસી ગયો અને ટ્રકમાં બેસેલા અન્ય લોકોએ ગોળીબાર શરૂ કરી દીધો. સુરક્ષાદળોએ પણ વળતો જવાબ આપતા ભીષણ અથડામણ સર્જાઈ, જેમાં ચાર આતંકી ઠાર થયા. સિદ્દડા પુલ નજીક 6 ડિસેમ્બરે મોડી રાત્રે આતંકીઓએ પોલીસ પોસ્ટ પર ગ્રેનેડ હુમલો કર્યો હતો.

# રાહુલ ગાંધી ભગવાન રામ નથી, પરંતુ ભાજપે રાવણનો રસ્તો અપનાવ્યો : ખુર્શીદ

**નવી દિલ્હી**

રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા'નું નેતૃત્વ કરી રહ્યા છે. તમિલનાડુથી શરૂ થયેલી આ યાત્રા ઘણા રાજ્યોમાંથી પસાર થઈને દિલ્હી પહોંચી છે. જે હવે 3 જાન્યુઆરીએ યુપીના ગાઝિયાબાદથી ફરી શરૂ થશે. પ્રવાસ હાલમાં 9 દિવસના વિરામ પર છે. પરંતુ, યુપીમાં ભારત જોડો યાત્રા કાઢવામાં આવે. તે પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતા સલમાન ખુર્શીદના એક નિવેદનને લઈને હંગામો થયો છે. વાસ્તવમાં, સલમાન ખુર્શીદે આટલી ઠંડીમાં ટી-શર્ટ પહેરીને ફરતા રાહુલ ગાંધી પર ભાજપ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં, તેમને 'અલૌકિક' ગણાવ્યા છે અને તેમની તુલના ભગવાન શ્રી રામ સાથે કરી છે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતના છ હજારથી વધુ ઉત્પાદનોની નિકાસ પર ડયુટી નહીં લાગે

## હજારો ઘરગથ્થુની વસ્તુઓ માટે ઓસ્ટ્રેલિયન બજારમાં ડયુટી ફ્રી એક્સેસ મળશે

**સિડની**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વચગાળાનો મુક્ત વેપાર કરાર (એફટીએ)આજથી અમલમાં આવશે. તેના કારણે ઓસ્ટ્રેલિયામાં ભારતના છ હજારથી વધુ ઉત્પાદનોની નિકાસ પર કોઇ ડયુટી નહીં લાગે. ૨ એપ્રિલ, ૨૦૨૨ના રોજ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેનાથી હજારો ઘરગથ્થુની વસ્તુઓ જેમ કે કાપડ, ચામડા વગેરે માટે ઓસ્ટ્રેલિયન બજારમાં ડયુટી ફ્રી એક્સેસ મળશે. નિકાસકારોના જણાવ્યા અનુસાર, આ



કરાર લગભગ પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૪૫-૫૦ અબજ યુએસ ડોલર સુધી પહોંચાડવામાં મદદ કરશે. ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટએ ટેક્સટાઇલ, ચામડું, ફર્નિચર, જ્વેલરી અને મશીનરી સહિતના ૬,૦૦૦ થી વધુ ક્ષેત્રોના ભારતીય નિકાસકારોને ઓસ્ટ્રેલિયન બજારમાં ડયુટી ફ્રી એક્સેસ પ્રદાન કરશે. ઇસીટીએ પર ૨ એપ્રિલના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેનાથી શ્રમ ક્ષેત્રોને મોટો ફાયદો થશે જેમ કે, કાપડ અને વસ્ત્રો, કૃષિ અને માછલી ઉત્પાદનો, ચામડા, ફૂટવેર, ફર્નિચર, રમતગમતનો સામાન, જ્વેલરી, મશીનરી અને ઇલેક્ટ્રિકલ સામાન સહિતની ઘણી બધી વસ્તુ આવી શકે છે.

# છત્તીસગઢમાં લવ જેહાદઃ શાહબાજે નીલ કુસુમને 51 ઘા મારી હત્યા કરી

**રાયપુર**

છત્તીસગઢમાં કોરબા ખાતે ૨૦ વર્ષીય યુવતીની છરીના ૫૨ ઘા મારીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ અહેવાલ મુજબ તેના શરીર પર જુદા-જુદા સ્થળોએ ૫૧ ઘા મારવામાં આવ્યા હતા. પોલીસને આ લવ ટ્રાયેન્ગલ અને લવજેહાદનો કેસ પણ લાગે છે. પોલીસ આ કેસમાં શાહબાઝ ખાન નામના મુખ્ય શંકાસ્પદને શોધી રહી છે. આ ઘટના દક્ષિણ પૂર્વ કોલફિલ્ડ્સ લિમિટેડમાં બની છે. આ યુવતી આ વિસ્તારમાં પમ્પ હાઉસ કોલોની ખાતે તેના કુટુંબ સાથે રહેતી હતી. ગયા સપ્તાહે નીલ કુસુમ પન્ના નામની યુવતી ઘરે એકલી



હતી તે સમયે તેના ઘરે કોઈ ન હતુ. તેની પિતા, માતા અને ભાઈ બધા બહાર ગયા હતા. તેનો ભાઈ બહારથી ઘરે આવ્યો ત્યારે તેણે જોયું કે તેની બહેન લોહીના ખાબોચિયામાં પડેલી છે અને તેના મોઢાને ઓશિકા વડે ઢાંકી દેવાયું છે. તેણે તરત જ કુટુંબના બાકીના સભ્યોને આ વાતની જાણ કરી હતી. માહિતી મળવાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. યુવતીને તરત જ હોસ્પિટલ લઈ જવાઈ હતી અને તેને ત્યાં મૃત્યુ પામેલી જાહેર કરાઈ હતી.

# બિહારમાં ઇ-રિક્ષા ચલાવનાર આતંકી નીકળ્યો, ISI માટે કામ કરતો હતો

**નવી દિલ્હી**

આ વર્ષે ભારતનાં વિવિધ ભાગમાંથી ઘણાં આતંકવાદીઓ પકડાયા છે. તેમાનો એક છે સિલીગુડીનાં ગુડ્ડુ નામનો યુવક. સિલીગુડીનો આ યુવક મોતિહારી જિલ્લામાં ઇ રીક્ષા ચલાવતો હતો અને આ કામ તે માત્ર એટલા માટે કરતો હતો કે જેનાથી સુરક્ષા એજન્સીઓને તેના માટે શંકા ન થાય. હકીકતમાં તે આઇએસઆઇ માટે કામ કરતો હતો. આ વાતની માહિતી કેન્દ્રિય સુરક્ષા એજન્સીઓને મળી હતી, જેને કારણે બંગાળ એસટીએફએ તેને પકડ્યો હતો અને તેના ખરાબ ઇરાદાને અસફળ બનાવ્યા હતા. આ વ્યક્તિનું નામ ગુડ્ડુ ગીરી છે. જેને સિલીગુડીથી હિરાસતમાં લેવામાં આવ્યો છે. ગુડ્ડુ પર આરોપ છે કે તે તેના સાથિયોને સાથે મળીને પાકિસ્તાની ખુફિયા એજન્સી આઇએસઆઇ માટે કામ કરતો હતો. તેની પાસેથે ઘણાં પાકિસ્તાની ફોન નંબર મળ્યા હતા. બિહાર પોલીસને પણ તેની શોધખોળ હતી. ખુફીયા એજન્સી દ્વારા તેની બાતમી મળી હતી. આ ગુડ્ડુ મૂળ ચંપારણનો રહેવાસી હતો. સ્થાનિક પોલીસ સ્ટેસને પણ તેના અંગે શંકા હતી. કેન્દ્રિય સુરક્ષા એજન્સીએ ગુડ્ડુ અને નેપાળનાં આઇએસઆઇ એજન્ટ વૃજકિશોરને જોડતી સાંકળોને કારણ પકડી પાડ્યો હતો.

# ઉત્તર પ્રદેશના મઉમાં ચુલો સળગાવવા જતાં આગ ભભૂકી, એક જ પરિવારના 5 ભડથું

## અકસ્માતમાં મુત્યુ થયેલા વ્યક્તિને 4 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે

**લખનઉ**

ઉત્તર પ્રદેશના મઉમાં એક જ પરિવારના 5 સભ્યો ઘરમાં આગ લાગવાથી મૃત્યુ પામ્યા છે. આ અકસ્માત કોપાગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના શાહપુર ગામમાં મંગળવારે રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે થયો હતો. સૂત્ર દ્વારા, જાણવા મળી રહ્યું છે કે, સ્ટવમાં ખામીને લીધે ઝુંપડીમાં આગ લાગી હતી. જોકે તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ત્યાંના કલેક્ટરે જણાવ્યું કે, શાહપુર ગામમાંથી



એક મકાનમાં આગ લાગી હોવાની માહિતી મળી હતી.

આ અકસ્માતમાં એક જ પરિવારના 5 લોકોના મોત થયા છે. ત્યાં સ્ટવને કારણે આગ લાગી હતી. બચાવ કામગીરી માટે ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. અકસ્માતમાં મુત્યુ થયેલા વ્યક્તિને 4 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. આગળની કાર્યવાહી હાલ શરૂ છે. મંગળવારે રાત્રે ત્યાંના ગ્રામજનોએ ઝૂંપડીમાંથી આગ નીકળતા જોઈ, તેઓ તેને ઠારવા તરત જ દોડ્યા હતા. પરંતુ અંદાજે 30 મિનિટ બાદ આગ નિયંત્રણમાં આવી હતી ત્યાં સુધીમાં આખો પરિવાર બળીને ખાખ થઈ ગયો હતો.

# ઉત્તરાખંડમાં ઠંડીએ છેલ્લા 30 વર્ષનો રેકોર્ડ તોડ્યો, પહલગામમાં તાપમાન -7.4 ડિગ્રી

**નવી દિલ્હી**

હાલ અનેક રાજ્યોમાં રેકોર્ડ તોડતી ઠંડી પડી રહી છે. ઉત્તરાખંડમાં ઠંડીએ ૩૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. બર્ફીલી હવાઓ વચ્ચે ઉત્તરાખંડના હરિદ્વારમાં લઘુતમ તાપમાન ૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ પહેલા હરિદ્વારમાં ૧૯૯૨માં લઘુતમ તાપમાન ૦.૨ ડિગ્રી રહ્યું હતું, તેથી છેલ્લા ૩૦ વર્ષનો રેકોર્ડ તુટયો છે. જ્યારે ઉત્તરાખંડની જેમ જ અન્ય રાજ્યોમાં પણ સ્થિતિ કફોડી બની રહી છે.

જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાને



કારણે પહલગામમાં તાપમાન માઇનસ ૭.૪ ડિગ્રી રહ્યું હતું. જે એક દિવસ અગાઉ માઇનસ ૬.૭ ડિગ્રી હતું. ગુલમર્ગમાં પણ બરફની ચાદર પથરાઈ ગઇ છે, જ્યાં તાપમાન માઇનસ ૬ ડિગ્રી નોંધાયું હતું. તેવી જ રીતે કુપવાડામાં પણ માઇનસ ૫.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજધાની શ્રીનગરમાં માઇનસ ૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અન્ય રાજ્યોની વાત કરીએ તો રાજસ્થાનમાં ચુરુ અને સિકર થીજી ગયા હતા. ચુરુમાં તાપમાન ૦.૬ ડિગ્રી રહ્યું છે. ઉત્તર ભારતમાં કેટલાક રાજ્યોમાં ધુમ્મસને કારણે રેલવે અને હવાઈ મુસાફરી પર અસર પડી છે. ઓછી વિઝિબિલિટીના કારણે રેલવે એ આજે 279 ટ્રેનો રદ કરી છે, જયારે 100થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હોવાની માહિતી મળી છે.

# નિર્ધારિત સમયમાં દંડ ન ભરતા CCIએ ગુગલને નોટિસ ફટકારી

**નવી દિલ્હી**

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) એ નિર્ધારિત સમયની અંદર દંડ ભરવામાં નિષ્ફળ રહેવા બદલ Google ને ડિમાન્ડ નોટિસ જારી કરી છે. સૂત્રોએ આ માહિતી આપી હતી. ટેક્નોલોજી જાયન્ટે અયોગ્ય વેપાર પ્રથા કેસમાં CCIના આદેશ સામે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલમાં અપીલ કરી છે. ટ્રિબ્યુનલે આ મામલે હજુ સુનાવણી કરવાની બાકી છે. ઓક્ટોબરમાં, CCIએ તેની એકાધિકારની સ્થિતિનો લાભ લેવા બદલ Google પર કુલ રૂ. 2,274.2 કરોડનો દંડ ફટકાર્યો હતો. એન્ડ્રોઇડ મોબાઇલ સિસ્ટમ અને પ્લે સ્ટોર પોલિસી - બે અલગ-અલગ કેસમાં દંડ લાદવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે CCIએ કંપનીને બે કેસમાં ગૂગલ પર લાદવામાં આવેલા દંડની ચૂકવણી ન કરવા બદલ ડિમાન્ડ નોટિસ જારી કરી છે.

નિયમનકારે 20 ઓક્ટોબર અને 25 ઓક્ટોબરના તેના આદેશમાં દંડની રકમ 60 દિવસમાં ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. ગૂગલે હજુ સુધી દંડ ન ભર્યો હોવાથી CCIએ ડિમાન્ડ નોટિસ જારી કરી છે.

# સુપ્રીમની કેન્દ્રને નોટિસઃ પોલાવરમ પ્રોજેક્ટમાં પર્યાવરણ મંજૂરીના ઉલ્લંઘનનો આક્ષેપ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટને આપવામાં આવેલી પર્યાવરણીય મંજૂરી પર કથિત ઉલ્લંઘનનો આક્ષેપ કરતી અરજી પર કેન્દ્ર અને અન્યો પાસે જવાબ માંગ્યો છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એમ.એમ.સુંદરેશની બેન્ચે કેન્દ્ર , આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ઓડિશા સરકારોને નોટિસ પાઠવી છે. બેન્ચે કહ્યું હતું કે નોટિસ ફેબ્રુઆરી 2023 સુધીમાં પરત કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે અર્થશાસ્ત્રી પેંતાપતિ પુલ્લારાવ દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી. જેમાં NGTએ પુલ્લારાવને તેમની અરજી સાથે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્દેશ આપ્યો હતો.

# દેશમાં હેલમેટ-સીટ બેલ્ટ નહીં બાંધવાથી વર્ષમાં 62990ના મોત

**નવી દિલ્હી,૨૯**

સીટ બેલ્ટ અને હેલમેટ નહી પહેરવાથી વર્ષ ૨૦૨૧ દરમિયાન થયેલા મોતના આંકડા ચોંકાવનારા છે. માર્ગ અને વાહન વ્યહવાર મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી વિગતો અનુસાર ભારતમાં દ્વી ચક્રિય વાહનો વાહનો ચલાવતી વખતે હેલમેટ નહી પહેરવાથી ૪૬૫૯૩ લોકોના મુત્યુ થયા છે જયારે ચાર ચક્રીય (ફોર વ્હિલર) ચલાવતી વખતે સિટ બેલ્ટ નહી બાંધવાથી ૧૬૩૯૭ લોકોના મોત થાય છે.

આમ હેલમેટ અને સિટ બેલ્ટ નહી બાંધવાથી કુલ ૬૨૯૯૦ લોકો મોતને ભેટયા છે. આટલી મોટી સંખ્યામાં મોત થતા હોવા છતાં હેલમેટ અને સિટ બેલ્ટ પહેરવાની અવેરનેસ લોકોમાં જોવા મળતી નથી જે ખૂબ દુખદ છે. રાજમાર્ગ મંત્રાલયે રોડ એકસીડેન્ટ ઇન ઇન્ડિયા ૨૦૨૧માં જણાવ્યું છે કે બાઇક ચલાવનારા ૩૨૮૭૭ અને તેની પાછળ બેઠેલા ૧૩૭૧૬ લોકોના હેલમેટ નહી પહેરવાથી મોત નોંધાયા છે. દેશમાં કુલ ૪૧૨૪૩૨ રોડ અકસ્માત અને ૧૫૩૯૭૨ લોકોના મોત થયા જયારે ૩૮૪૪૪૮ લોકોને ઇજા થઇ હતી.

# ભારતીય વાયુસેનાએ હાઈ-વે પર ઉતાર્યું ફાઈટર એરક્રાફ્ટ, સફળ પરીક્ષણ

**નવી દિલ્હી**

આંધ્રપ્રદેશમાં ભારતીય વાયુસેનાએ એક હાઈવે પર ફાઈટર એરક્રાફ્ટનું સફળ ઉતારણ કર્યું છે. ભારતીય વાયુ સેનાએ આંધ્રપ્રદેશના બાપટલામાં નેશનલ હાઈવે 16 પર નિર્માણ કરાયેલ 4.1 કિલોમીટરના ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા (ELF)નું સફળ પરીક્ષણ કરાયું છે. ટ્રાયલ રન અભ્યાસમાં IAFના ફાઈટર અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટે ભાગ લીધો હતો. આ કવાયતમાં સુખોઈ ફાઈટર એરક્રાફ્ટ અને હળવા તેજસ ફાઈટર વિમાનોએ પણ ભાગ લીધો અને હાઈ-વેને સ્પર્શીને ઉડ્ડયન કર્યું. વાયુસેના માટે આ ઈમરજન્સી લેન્ડીંગની સુવિધાનું બાંધકામ NH-16 પર પિચિકાલગુડિપાડુ પાસે કરવામાં આવ્યું છે.

# શ્રીલંકા સામેની સિરીઝ માટે ટીમ ઈન્ડિયા પાંચ મોટા બદલાવ

## હાર્દિક પંડયા ટી20નો કેપ્ટન બનાવાયો : રોહિત શર્મા વન-ડે ટીમના કેપ્ટન તરીકે યથાવત્ : પંતની બાદબાકી

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટમાં પરિવર્તનના પવનની શરૂઆત કરતાં સિલેક્ટર્સે હાર્દિક પંડયાને શ્રીલંકા સામેની ત્રણ મેચની ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમનો કેપ્ટન બનાવ્યો છે. જો કે વન-ડે ટીમના કેપ્ટન તરીકે રોહિત શર્મા જળવાઈ રહેશે. શ્રીલંકા સામે ભારત ત્રણ વન-ડે અને ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પહેલાં ટી૨૦ સિરીઝ રમાશે તે પછી વન-ડે સિરીઝ રમાડાશે. નોંધનીય છે કે ટી૨૦ સિરીઝની પ્રથમ મેચ ત્રણ જાન્યુઆરીએ રમાશે. શ્રીલંકા સામેની ભારતીય ટીમની જાહેરાતમાં પાંચ એવા બદલાવ જોવા મળ્યા છે કે જે ભારતીય ટીમના ભવિષ્યને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવ્યા છે.

શ્રીલંકા સામેની ટી૨૦ સિરીઝમાં કોહલી, શર્મા અને રાહુલની પસંદગી કરાઈ નથી. વિશ્વ કપને ધ્યાનમાં રાખતાં હવે તેમને આ



ફોર્મેટમાં આગળ પણ પસંદ કરવામાં નહીં આવે તેમ માનવામાં આવે છે. હાર્દિક પંડયાને ટી૨૦ ટીમની કેપ્ટન્સી સોંપવામાં આવી છે. હાર્દિકે તાજેતરમાં ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં કેપ્ટન્સી કરી હતી. હવે ભારતમાં યોજાનારી ટી૨૦ સિરીઝ માટે ફરી હાર્દિકને કેપ્ટન બનાવાયો છે. વિસ્ફોટક સૂર્યકુમારને વાઇસ-કેપ્ટન બનાવાયો વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમારને ટી૨૦ ટીમમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. સૂર્યકુમારને ટી૨૦ ટીમનો વાઇસ કેપ્ટન બનાવાતા સાબિત થઈ ગયું છે કે, હવે દેશના બે મોટા બેટ્સમેન આ બે ખેલાડી છે. પંતને શ્રીલંકા સામેની ટી૨૦ ફોર્મેટની ટીમમાં સામેલ કરાયો નથી. ઈશાન કિશને બાંગ્લાદેશ સામે ડબલ સેંચ્યુરી ફટકારીને એક પ્રકારે પંત માટે વન-ડે અને ટી૨૦ ટીમના દરવાજા બંધ કરી દીધા છે. શિખર ધવનને વન-ડે ટીમ માટે કે ટી૨૦ ટીમ માટે ગણતરીમાં જ લેવાયો ન હતો. એટલે કે ધવન માટે ટીમમાં કમ બેક કરવું મુશ્કેલ હશે. વન-ડેમા રોહિત સામે ગિલ સેટ થયો છે અને ટી૨૦માં ગાયકવાડ અને ત્રિપાઠીને તક આપવામાં આવી છે.

## દ. આફ્રિકાની હારથી ભારતને ફાયદો, સતત બીજીવાર WTCની ફાઇનલમાં રમવું નક્કી

**નવી દિલ્હી**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભારતનું રમવું લગભગ નક્કી થઈ ગયું છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સિરીઝમાં દક્ષિણ આફ્રિકા સતત બીજી મેચ મોટા અંતરે હારી છે અને હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે આ ટીમનો દાવો નબળો પડી ગયો છે. જ્યારે આ વિજયની સાથે ઓસ્ટ્રેલિયાનું ફાઈનલમાં રમવું નક્કી થઈ ગયું છે. દક્ષિણ આફ્રિકાની બીજી હારથી ભારતને ફાયદો થયો છે હવે ટીમ ઈન્ડિયા સરળતાથી બીજા નંબરે રહીને સતત બીજીવાર ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમી શકે છે. ઓસ્ટ્રેલિયાએ બોક્સિંગ ડે ટેસ્ટના ચોથા દિવસે જ દક્ષિણ આફ્રિકાને એક ઈનિંગ અને ૧૮૨ રનના અંતરથી હાર આપી હતી. આ જીતની સાથે જ ઓસ્ટ્રેલિયાએ સિરીઝમાં ૨-૦થી અજેય લીડ મેળવવાની સાથે જ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. આ જીતની સાથે ઓસ્ટ્રેલિયાને ૧૨ પોઈન્ટ મળ્યા છે અને હવે તેના ૧૪ મેચમાં ૧૩૨ પોઈન્ટ થઈ ગયા છે. જોકે, ઓસ્ટ્રેલિયાએ હજુ પાંચ ટેસ્ટ રમવાની છે જેમાં એક દક્ષિણ આફ્રિકા સામે જ્યારે ચાર મેચ ભારત સામે ભારતમાં રમવાની છે.

## ફૂટબોલ લિજેન્ડ પેલેનું 82 વર્ષની વયે નિધન

**બ્રાઝિલિયા**

બ્રાઝિલના ફૂટબોલ લિજેન્ડ એડસન એરાંટેસ દો નાસિમેન્ટો, જેને પેલે તરીકે ઓળખવામાં આવે છે, તેમનું 82 વર્ષની વયે અવસાન થયું છે. તેમના એજન્ટ જો ફેગાએ તેમના મૃત્યુની પુષ્ટિ કરી. સોકરના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક તરીકે ગણવામાં આવતા, પેલેએ બ્રાઝિલની ક્લબ સાન્તોસ અને બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમ સાથે રમતના સૌથી પ્રસિદ્ધ સ્કોરર તરીકે ચાહકો અને પ્રતિસ્પર્ધીઓને મંત્રમુગ્ધ કરવામાં લગભગ બે દાયકા ગાળ્યા હતા. પેલે થોડા સમય માટે કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા અને તાજેતરમાં, તેની કેન્સરની



દવાઓનું નિયમન કરવા માટે હોસ્પિટલમાં રોકાણ દરમિયાન તેની તબિયત બગડી હતી, ડોકટરોએ આ સપ્તાહની શરૂઆતમાં જાહેરાત કરી હતી.પેલે બ્રાઝિલને સોકરની ઊંચાઈ પર લઈ ગયા અને સાઓ પાઉલો રાજ્યની શેરીઓમાં શરૂ થયેલી સફરમાં તેની રમત માટે વૈશ્વિક રાજદૂત બન્યા હતા. સોકરના મહાન ખેલાડીઓ વિશેની વાતચીતમાં, પેલેની સાથે દિવંગત ડિએગો મેરાડોના, લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમ જેમ તેની તબિયત બગડતી ગઈ તેમ તેમ તેની મુસાફરી અને ઉપસ્થિતિ ઓછા થતા ગયા.

તેમના અંતિમ વર્ષો દરમિયાન તેઓ ઘણીવાર વ્હીલચેરમાં જોવા મળતા હતા અને બ્રાઝિલની 1970 વર્લ્ડ કપ ટીમનું પ્રતિનિધિત્વ કરતી તેમની પ્રતિમાના અનાવરણ સમારોહમાં હાજરી આપી ન હતી. પેલેએ તેમનો 80મો જન્મદિવસ પરિવારના કેટલાક સભ્યો સાથે બીચ હોમમાં એકાંતમાં વિતાવ્યો.

## એશિયા કપઃ ભારતીય તીરંદાજોએ પાંચ ગોલ્ડ સહિત ૧૦ મેડલ જીત્યા

**નવી દિલ્હી**

શારજાહમાં યોજાયેલ એશિયા કપ ૨૦૨૨ તિરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓ છવાયા હતાં. એશિયા કપ ૨૦૨૨માં ભારતીય તીરંદાજોની ટીમ ઈતિહાસ રચી ચૂકી છે. આ સ્પર્ધામાં પુરુષ અને મહિલા કેટેગરીમાં ભારતીય ખેલાડીઓએ પાંચ ગોલ્ડ સહિત કુલ ૧૦ મેડલ પ્રાપ્ત કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. શારજાહમાં યોજાયેલી એશિયા કપ જુનિયર ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમે સૌથી વધુ મેડલ હાંસલ કર્યા હતાં. કુલ આઠ મેડલમાંથી સાત ભારતીય ખેલાડીઓએ હાંસલ કર્યા હતાં. ભારતીય તીરંદાજોની ટીમે અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં એશિયા કપ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ૧૦ મેડલ મેળવ્યા તેમાં પાંચ ગોલ્ડ, ત્રણ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

## સૂર્યકુમાર યાદવ ટી-૨૦ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ માટે શોર્ટલિસ્ટ

**દુબઇ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઞ્ઞ્ઞ)એ ૨૦૨૨ના વાર્ષિક ક્રિકેટ એવોર્ડ્સ માટે ખેલાડીઓના નામ શોર્ટલિસ્ટ કરી લીધા છે. ટી-૨૦ ક્રિકેટમાં વિસ્ફોટક ભારતીય બેટ્સમેન સૂર્યકુમાર યાદવની પસંદગી કરવામાં આવીછે. યાદવ ઉપરાંત ત્રણ અન્ય ખેલાડીઓના નામ પણ શોર્ટલિસ્ટ કરાયા છે. વનડેમાં એક પણ ભારતીય ક્રિકેટરને સ્થાન મળ્યુ નથી. બંને ફોર્મેટમાં પાકિસ્તાનના એક-એક ખેલાડીને સ્થાન અપાયું છે. સૂર્યકુમાર યાદવ ઉપરાંત ઝિમ્બાબ્વેના સિકંદર રઝા, ઈંગ્લેન્ડના સેમ કરન અને પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાનને પ્લેયર ઓફ ધ યર એવોર્ડ માટે પસંદ કરાયો છે. જ્યારે વનડેમાં પાકિસ્તાની સુકાની બાબર આઝમની સાથે જ ઓસ્ટ્રેલિયાનો એડમ ઝમ્પા, ઝિમ્બાબ્વેના સિકંદર રઝા, વેસ્ટ ઈન્ડિઝના શાઈ હોપનું નામ શોર્ટલિસ્ટ કરાયું હતું.

## વિલિયમ્સનની અણનમ બેવડી સદીના જોરે કરાચી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડની સ્થિતિ મજબૂત

**કરાચી**

ન્યૂઝીલેન્ડ સામેની પહેલી ટેસ્ટ મેચમાં યજમાન પાકિસ્તાનની હાલત ખરાબ થઈ છે. બે ટેસ્ટની પહેલી મેચમાં ન્યૂઝીલેન્ડના પૂર્વ સુકાની કેન વિલિયમ્સને શાનદાર ઈનિંગ રમતા બેવડી સદી ફટકારી હતી. પાકિસ્તાન વિરુદ્ધ વિલિયમ્સનની આ સતત બીજી બેવડી ટેસ્ટ સદી છે. ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન વિરુદ્ધ મેચમાં પકડ જમાવી લીધી છે. પાકિસ્તાની ટીમે પહેલી ઈનિંગમાં ૪૩૮ રનનો જુમલો ખડક્યો હતો. જે બાદ ન્યૂઝીલેન્ડે પોતાના પૂર્વ સુકાની કેન વિલિયમ્સનની શાનદાર બેવડી સદીના જોરે પોતાની પહેલી ઈનિંગમાં ૯ વિકેટના ભોગે ૬૧૨ રન પર ડિક્લેર કરી હતી.

મેચના ચોથા દિવસે વિલિયમ્સને ૨૦૦ રનની અણનમ ઈનિંગ રમી હતી જે બાદ કિવિ સુકાનીએ પોતાનો દાવ ડિક્લેર કર્યો હતો. વિલિયમ્સને મેચના ત્રીજા દિવસે પોતાની સદી પૂરી કરી હતી. પોતાની બેવડી સદીની ઈનિંગમાં કેન વિલિયમ્સને ૩૯૫ બોલનો સામનો કર્યો હતો અને ૨૧ બાઉન્ડ્રી અને એક સિક્સર ફટકારી હતી. વિલિયમસને ઇશ સોઢી સાથે મળીને સાતમી વિકેટ માટે ૧૫૪ રનની ભાગીદારી પણ કરી હતી. અને પાકિસ્તાન વિરુદ્ધ કિવિ ટીમે ૧૭૪ રનની લીડ મેળવી હતી.

### લિયોનેલ મેસ્સી બાર્સેલોના નહીં જાય

## PSG સાથે ૨૦૨૪ સુધીનો કરાર કરશે

**નવી દિલ્હી**

આર્જેન્ટિનાને ત્રીજી વાર વિશ્વ ચેમ્પિયન બનાવનારા દિગ્ગજ લિયોનેલ મેસ્સી ફ્રેન્ચ ક્લબ પેરિસ સેન્ટ જર્મેન(પીએસજી)ની સાથે ૨૦૨૪ સુધીનો કરાર કરવા જઇ રહ્યો છે. આ સાથે તેની બાર્સેલોના સાથે જોડાવાની સંભાવના હાલના તબક્કે ટળી ગઈ છે. નોંધનીય છે કે આગામી ગરમીની સિઝનમાં મેસ્સીનો પીએસજી સાથેનો કરાર ખતમ થવા જઈ રહ્યો છે. મેસ્સી આ ક્લબ સાથે પાછલા ૧૮ મહિનાથી જોડાયેલો છે. આર્જેન્ટિના વિશ્વ ચેમ્પિયન બન્યા બાદ બાર્સેલોના ક્લબના વડા જોઆન



લાપોર્તાએ જાહેરમાં જણાવ્યું હતું કે તેઓ ક્લબના જૂના સાથીદાર લિયોનેલ મેસ્સીને બાર્સેલોનામાં પરત લાવવા માંગે છે. તે પછી સંભાવનાઓ અને ચર્ચાઓ ચાલી હતી કે મેસ્સી ફરી એકવાર બાર્સેલોના સાથે જોડાશે. પરંતુ હવે તથ્ય સામે આવી ગયું છે કે મેસ્સી પીએસજી સાથે કરવા આગળ વધી રહ્યો છે. તેની પાછળનું મોટું કારણ પીએસજી ચેમ્પિયન્સ લીગની રેસમાં જળવાઈ રહ્યું છે તે છે. જો મેસ્સી પીએસજી સાથે જોડાયેલો રહે અને ચેમ્પિયન્સ લીગ વિજેતા બને તો તેનું ચેમ્પિયન્સ લીગ વિજેતા બનવાનું સપનું ફરી એકવાર સાકાર થઇ શકે છે.

## બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનના રેન્કિંગ જાહેર પ્રણયને ફાયદો અને પી.વી.સિંધુને નુકસાન

**નવી દિલ્હી**

ભારતના સ્ટાર શટલર એચએસ પ્રણય મંગળવારે જાહેર કરવામાં આવેલાં બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનના વર્લ્ડ રેન્કિંગમાં આઠમા સ્થાન પર પહોંચી ગયો છે, કે જે તેનું કેરિયર બેસ્ટ રેન્કિંગ છે. કેરળના આ ૩૦ વર્ષના ખેલાડીએ આ વર્ષે શાનદાર ફોર્મ દેખાડયું છે. પ્રણય આ વર્ષે સાત ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો હતો, બે ટૂર્નામેન્ટમાં તો સેમિફાઇનલ સુધી પહોંચી ગયો હતો અને સ્વિસ ઓપનમાં ઉપવિજેતા રહ્યો હતો. ભારતની થોમસ કપની જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. અન્ય



પુરુષ ભારતીય ખેલાડીઓમાં લક્ષ્ય સેને પોતાનો સાતમો ક્રમ જાળવી રાખ્યો હતો. કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત પછી ઈજાગ્રસ્ત થવાના કારણે કોઈપણ ટૂર્નામેન્ટમાં ભાગ નહી લેવાના કારણે પીવી સિંધુ વિમેન્સ સિંગલ્સ રેન્કિંગમાં એક સ્થાન નીચે જઈને સાતમા સ્થાન પર પહોંચી ગઈ છે.

# વાવાઝોડાને પગલે આખુ ઓન્ટેરિયો ટાઉન બરફની ચાદર નીચે ઢંકાઈ ગયું

## એરી તળાવનાં મોજાને અનેક ઘરોમાં પાણી ભરાઈ ગયું

**ઓન્ટેરિયો**

ગયા અઠવાડિયે આખા પ્રાંતમાં આવેલા શિયાળાના પ્રચંડ વાવાઝોડાને પગલે નાયગ્રા પ્રદેશમાં એક નાનું શહેર સંપૂર્ણપણે બરફમાં ગરકાવ થઈ ગયુ હતુ. જે આ શહેરનાં નામને નવો અર્થ આપે છે. ક્રિસ્ટલ બીચ, ફોર્ટ એરી, ઓન્ટ.માં લેકફ્રન્ટ સમુદાય તેના ઘરોની છતથી લઈને કારની છત સુધી બરફથી ઢંકાયેલો છે. વાવાઝોડાને કારણે એન્વાયર્નમેન્ટ કેનેડાએ શક્તિશાળી પવનો અને બરફના ઢગલાઓને કારણે હવામાન ચેતવણીઓ આપવામાં આવી છે. પવન એટલો જોરદાર હતો કે એરી તળાવનાં મોજાને કારણે આ વિસ્તારનાં ઘરોમાં પાણી ભરાઈ ગયું હતું અને આખો વિસ્તાર બરફમાં ગરકાવ થઈ ગયો હતો.

લાંબા સમયથી ક્રિસ્ટલ બીચ પર રહેતા ડેરેક ટુપલિંગે મંગળવારે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, મોજાં તૂટેલી દિવાલ ઉપર પછડાઈ રહ્યા હતા. તે 10થી 15 ફૂટ ઉંચા હતા. એ પછી પાણી ઘરોની ટોચથી નીચે સુધી પાછળની બાજુએ થીજી ગયું હતું, જીન માર્ચેન્ડે જણાવ્યું હતું કે, ક્રિસ્ટલ બીચમાં પણ વ્હાઈટઆઉટની સ્થિતિ હતી, અમે ગલીમાં પણ જોઈ શકતા નહોતાં.



**નાયગ્રા ધોધ બરફને કારણે જામી ગયો, મેઘધનુષનું દ્રશ્ય સર્જાતા સહેલાણીઓનો ધસારો**

ઓન્ટેરિયોઃ મંગળવારે દુનિયાના મોટા વોરલફોલ્સ પૈકી એક નાયગ્રા ધોધ પૂરી રીતે જામી ગયો હતો. ખરાબ હવામાનના કારણે અમેરિકામાં અત્યાર સુધીમાં 50થી વધુ લોકોના મોત થઈ ગયા છે. આની સૌથી વધુ અસર ન્યૂયોર્કના બફેલોમાં જોવા મળી હતી. એવું જણાવવામાં આવી રહ્યું છે કે 50 વર્ષમાં પહેલીવાર હવામાન આટલું ખરાબ થયું છે. ક્રિસમસની પહેલા શરૂ થયેલા આ કહેરની અસર નવા વર્ષ પછી પણ ચાલું રહેશે તેવી શક્યાતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. સંપૂર્ણપણે બરફ આચ્છાદિત નાયગ્રા ધોધ એક અલગ જ દેખાતો હતો. નાયગ્રા ધોધ અમેરિકામાં ન્યુયોર્ક અને કેનેડામાં ઓન્ટેરિયોની સરહદ પર છે. વળી, તેની ઉપરનું મેઘધનુષ્ય આ સમગ્ર દ્રશ્યને વધુ સુંદર બનાવે છે. જેના કારણે કડકડતી ઠંડીમાં પણ પ્રવાસીઓ અહીં પહોંચ્યા હતા. ધોધની ધાર ઉપર બરફની સફેદ ચાદર જોઈ શકાય છે. જો કે, ધોધનો માત્ર એક ભાગ જ બરફથી ઢંકાયો હતો. આ ધોધમાં પાણીનું એટલું વધુ પ્રમાણ રહે છે કે અહીં ક્યારેય પણ આના પર પૂરી રીતે બરફ નથી પડતો. આ ધોધમાં 3160 ટન પાણી એક સેકન્ડમાં વહે છે. એટલે પાણી 32 ફૂટ પ્રતિ સેકન્ડના હિસાબે પાણી નીચે પડે છે. અમેરિકી પર્યટન વિભાગની વેબસાઇટના પ્રમાણે આ ધોધનો આખું બરફથી જામવું સંભવ નથી.

# કેનેડિયનોને ક્વોરોન્ટાઈનના નિયમો તોડવા બદલ 15 મિલિયન ડોલરનો દંડ

**ટોરોન્ટો**

કેનેડાની જાહેર આરોગ્ય એજન્સી અનુસાર, જે કેનેડિયનો ફેડરલ COVID-19 ક્વોરેન્ટીનના નિયમોનું ઉલ્લંઘન કરતા પકડાયા હતા તેઓએ આ વર્ષે ઓછામાં ઓછા 15 મિલિયન ડોલરનો દંડ ચૂકવ્યો છે, પરંતુ તે સ્પષ્ટ નથી કે તેમાંથી કેટલી રકમ ખરેખર ચૂકવવામાં આવશે. કન્ઝર્વેટિવ સાંસદ એરિક ડંકનની વિનંતીના જવાબમાં એજન્સીએ પાનખરમાં હાઉસ ઓફ કોમન્સને ડેટા પૂરો પાડ્યો હતો. ડંકને ટિપ્પણીનો જવાબ આપ્યો ન હતો. કેનેડાની જાહેર આરોગ્ય એજન્સીના ડેટામાં બ્રિટિશ કોલંબિયા, ઓન્ટારિયો, મેનિટોબા અને એટલાન્ટિક કેનેડાનો સમાવેશ થાય છે. તેમાં સાસ્કાચેવન, આલ્બર્ટા અથવા પ્રદેશોની માહિતીનો સમાવેશ થતો નથી. જાન્યુઆરી અને ઓગસ્ટની વચ્ચે, ફેડરલ ક્વોરેન્ટાઈન એક્ટ કાયદા હેઠળ 3,614 ટિકિટો આપવામાં આવી હતી. જે ફેડરલ સરકાર વાયરસના ફેલાવાને રોકવા માટે સરહદી પગલાં લેવા માટે ઉપયોગમાં લેવાતી હતી. તે દંડની કુલ રકમ 825 ડોલરથી 5,000 ડોલર સુધીની હતી, જે ગુનાના આધારે બદલાતી રકમ સાથે 14.8 મિલિયન ડોલર થતી હતી. એક ટિકિટમાં કેટલીકવાર બહુવિધ ગુનાઓ શામેલ હોઈ શકે છે.

# કોવિડ પ્રતિબંધો નથી છતાં 'બોક્સિંગ ડે'નાં પહેલા દિવસે બધા સ્ટોર્સ ખાલી

**ઓન્ટેરિયો**

નાતાલ પહેલાના દિવસોમાં મિત્રો અને પ્રિયજનો માટે અઠવાડિયાની ખરીદી કર્યા પછી, દુકાનદારો સોમવારે કેનેડાના સ્ટોર્સમાં 2019 પછીના પ્રથમ બોક્સિંગ ડે માટે COVID-19ના કોઈ પ્રતિબંધો વિના પણ ધંધા વિના નવરા બેઠા હતા. આલ્બર્ટાના ડીયરફૂટ મીડોઝમાં બેસ્ટ બાયના સ્ટોર લીડર સ્ટીવ ટોવ્સે જણાવ્યું હતું કે, સામાન્યતઃ બ્લેક ફ્રાઈડે અમારા માટે ખૂબ જ વ્યસ્ત દિવસ હોય છે, પરંતુ બોક્સિંગ ડે પર વર્ષનું અમારું સૌથી વધુ વેચાણ થતું હોય છે. આ વખતે ગ્રાહકોનો ધસારો થતો હોય છે. તેમણે ઉમેર્યું હતું કે, ફ્લેટ-સ્ક્રીન ટીવી, ગેમિંગ ઉપકરણો અને હેડફોન વેચાણ માટેની કેટલીક લોકપ્રિય વસ્તુઓમાં સ્થાન ધરાવે છે. તેમ છતાં આ વર્ષે સ્ટોર્સમાં રોગચાળાની અસર રહી છે. નિષ્ણાતો કહે છે કે, રોગચાળો હજી ગયો ન હોવાથી શોપિંગની પરંપરામાં પરિવર્તન આવ્યું છે અને વર્ષનો સૌથી મોટો શોપિંગ દિવસ બદલાઈ ગયો છે. જેને કારણે રિટેલરોને ઓનલાઈન વેચાણ તરફ વળવાની ફરજ પડી હતી.

OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON 416-743-1100
139 Charing Cross, Brantford Ontario 519-758-9999
5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4 519-954-1110
3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON 416-297-8383
71 West Drive, Unit#42, Brampton, ON 905-452-1100
293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3 514-426-1100

# જાપાનમાં કોરોનાથી એક જ દિવસમાં 415 લોકોના મોત, 2.16 લાખ નવા કેસ નોંધાયા

## ચીનથી નીકળી ફરી એકવખત કોરોના વાયરસ દુનિયામાં ફેલાવા માંડ્યો

**ટોક્યો**

ચીનમાં કોરોના વાયરસ પોતાનો કહેર વરસાવી રહ્યો છે. લાશોના ઢગલા થઈ રહ્યા છે, પરંતુ ચીનની જિનપિંગ સરકાર પોતાનું બેજવાબદાર વલણ છોડવા તૈયાર નથી. ચીનમાં કોરોનાથી થઈ રહેલા મોતના આંકડા દુનિયાની સામે નથી આવી રહ્યા, જેથી ત્યાંની સાચી સ્થિતિની જાણ નથી થઈ રહી. આ દરમિયાન તેણે દુનિયા માટે પોતાની બોર્ડર પણ ખોલી નાખી છે અને પોતાના નાગરીકોને ચીનની બહાર જવાની મંજૂરી પણ આપી દીધી છે,



જેથી અન્ય દેશો ચિંતામાં મૂકાઈ ગયા છે. ચીન ભલે કોરોના કેસોને છૂપાવતું હોય, પરંતુ તેના પરિણામ દેખાવા લાગ્યું છે. જાપાનમાં એક જ દિવસમાં ૪૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે, જેનાથી માનવામાં આવી રહ્યું છે કે, દુનિયાભરમાં ફરી એકવખત કોરોનાની લહેર ફેલાશે. જાપાનમાં બુધવારે કોરોના સંક્રમિત ૪૧૫ દર્દીઓના મોત થયા હોવાનું ત્યાંના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે. જે એક દિવસમાં થયેલા મોતનો અત્યાર સુધીનો મોટો આંકડો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ, દેશમાં બુધવારે ૨,૧૬,૨૧૯ નવા કેસ નોંધાયા હતા, જે એક સપ્તાહ પહેલાની સરખામણીમાં ૪ ટકા વધુ છે. લેટેસ્ટ કોવિડ ટેલી આ વર્ષ ઓગસ્ટમાં નોંધાયેલા લગભગ ૨,૬૦,૦૦૦ પ્રતિ દિન રેકોર્ડ કેસના સ્તરની નજીક છે.

# US એરિઝોનામાં બરફથી થીજી થયેલા તળાવમાં પડવાથી 3 ભારતીયનાં મોત

**વોશિંગ્ટન**

અમેરિકામાં ત્રણ ભારતવાસીઓના મોતના સમાચાર સામે આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એરિઝોના રાજ્યમાં સોમવારે ત્રણ લોકો કોકોનીનો કાઉન્ટીમાં વુડ્સ કેન્યન લેકની પાસે હાજર હતાં. તેમાં બે પુરુષો અને અને એક મહિલા હતી.

બપોરે લગભગ ૩.૩૫ વાગ્યે આ ત્રણ લોકો બરફથી થીજી ગયેલા તળાવમાં પડી ગયા હતાં અને ડૂબવા લાગ્યા હતાં. રાહત અને બચાવ કર્મીઓએ તેમને કાઢવાના પ્રયત્નો કર્યા હતાં પણ કોઈને પણ બચાવી શકાયા ન હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર બચાવકર્મીઓની લાંબી તપાસ પછી આ ત્રણ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતાં. જેમાંથી બે ૪૯ વર્ષીય નારાયણ મુદ્દાના અને ૪૭ વર્ષીય ગોકુલ મેદિસિટીના મોત થઈ ગયા હતાં. એક મહિલા હરિતા મુદ્દાનાને જીવિત બહાર કાઢવામાં આવ્યા હતાં.

રાહત અને બચાવ કર્મીઓએ તેમના પ્રાણ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા હતાં પણ ભયાનક ઠંડીને કારણે ઘટનાસ્થળે જ તેમના મોત થઈ ગયા હતાં. પોલીસ કાર્યાલય તરફથી જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ત્રણ પીડિત એરિઝોનાના ચેંડલરના રહેવાસી હતાં અને મૂળ ભારતીય હતાં.

# 2023માં યુએસમાં ગૃહ-યુદ્ધ થશે,મસ્ક રાષ્ટ્રપતિ પદે નિર્વાચિત થશેઃ આગાહી

**મોસ્કો**

રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવને રશિયાના વર્તમાન પ્રમુખ વ્લાદીવીર પુતિનના ગજબના પ્રશંસક માનવામાં આવે છે. તેઓએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ ઉપરથી ભવિષ્ય ભાખ્યું છે કે, આગામી વર્ષ (૨૦૨૩) માં ફ્રાંસ અને જર્મની વચ્ચે યુદ્ધ થશે. જયારે યુએસમાં ગૃહ યુદ્ધ ફાટી નીકળશે. એલન મસ્ક વિષે તેમણે કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં અમેરિકાના રાષ્ટ્રપતિ બનશે. બ્રિટન યુરોપીય સંઘમાં જોડાશે, પરંતુ તેમ કરતાં તે બરબાદ થઈ જશે. પુતિનના સલાહકાર અને રશિયાની સંરક્ષણ પરિષદના ઉપપ્રમુખ



મેદવેદેવ ૪ વર્ષ સુધી રશિયાના રાષ્ટ્રપતિ પદ રહેવા દિમિત્રી મેદવેદેવ હવે સૈન્ય બાબતો અંગેની સંસ્થામાં ડેપ્યુટી પદે છે. પોતાના વ્યકિતગત ટેલીગ્રામ અને ટિવટર ઉપર ૨૦૨૩માં થનારી સંભાવનાઓ અંગે આ ભવિષ્ય ભાખ્યું હતું.

# કંબોડિયાની એક હોટલમાં આગ લાગતાં 10 લોકોના મોત, 30થી વધુ ઈજાગ્રસ્ત

કંબોડિયાના પોઈપેટમાં એક હોટલમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 10 લોકોના મોત થયા છે અને 30 લોકો ઘાયલ થયા છે. આ ઘટના બાદ ઘણા લોકો ગુમ થઈ ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર લગભગ 70 ટકા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડની ગાડીઓ સ્થળ પર હાજર છે.

આ ઘટના પોઈપેટની ગ્રાન્ડ ડાયમંડ સિટી હોટેલ અને કેસિનોમાં બની હતી. આગમાં લગભગ 50 લોકો ફસાયા હોવાના સમાચાર છે. હોટલમાં લાગેલી આગ કેટલાય કલાકો સુધી ભભૂકી રહી હતી. ઘટનાસ્થળેથી ચોંકાવનારો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે લોકો આગથી બચવા માટે 5મા માળેથી નીચે જમીન પર કૂદી રહ્યા છે.

આગને કારણે હોટલને વ્યાપક નુકસાન થયું છે, જ્યારે ફાયર બ્રિગેડ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે અત્યાર



સુધીમાં 70 ટકા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. હોટલમાં આગની આ ઘટના મધ્યરાત્રિની આસપાસ શરૂ થઈ હતી, જે પછી લાગેલી આગે બિલ્ડિંગના મોટા ભાગને લપેટમાં લીધો હતો. સ્થાનિક સમય અનુસાર સવારે 8:30 વાગ્યા સુધી કુલ 53 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

# બરફના વાવાઝોડાથી અમેરિકામાં કુલ 60 અને જાપાનમાં 17થી વધુના મોત

**ન્યૂયોર્ક, ટોક્યો**

સમગ્ર અમેરિકામાં બરફના તોફાને ભારે હાહાકાર મચાવ્યો છે. અનેક લોકો માર્યા ગયા છે, માત્ર ન્યૂયોર્કમાં જ ૨૭ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે સમગ્ર અમેરિકામાં કુલ ૬૦ લોકોનો ભોગ લેવામાં આવ્યો હતો. બીજી તરફ જાપાનમાં પણ હિમવર્ષાને કારણે પરિસ્થિતિ કથળી છે. જાપાનમાં હિમવર્ષા અને બરફના વાવાઝોડાને કારણે ૧૭ લોકોના મોત નિપજ્યા છે અને ૧૦૦થી વધુ લોકો ઘવાયા છે. યુએસમાં સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે અનેક મકાનોમાં વિજળી ન હોવાથી લાખો લોકો છેલ્લા ઘણા દિવસથી ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. બિઝનેસ ઠપ થઈ ગયો છે અને રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ ભારે મુશ્કેલી આવી રહી છે. જેને પગલે મૃત્યુઆંક ૧૦૦ને પાર જવાની શક્યતાઓ છે.



અમેરિકાના મોટા ભાગના હાઈવે પર બરફના ઢગલા જામી ગયા છે. જેને પગલે ટ્રાન્સપોર્ટ વ્યવહાર પણ ઠપ થઈ ગયો છે. સમગ્ર ન્યૂયોર્કમાં એક ફૂટ જેટલા બરફની ચાદર પથરાઈ ગઈ છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેંજને કારણે બરફનું આ તોફાન આવ્યું હોઈ શકે છે.

# UNSC અફઘાની મહિલાઓના યુનિવર્સિટી પ્રતિબંધથી ચિંતિત

## દેશમાં માનવતાવાદી કાર્યો પર મોટી અસર પડે તેવી શક્યતા

**કાબુલ**

તાલિબાન દ્વારા મહિલાઓ વિરૂદ્ધ લેવામાં આવેલા નિર્ણયો પર સતત પોતાની વાત રજૂ કરી રહ્યા છે અને તાલિબાનની નીતિઓની આલોચના કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદએ અફઘાનિસ્તાનને અનુલક્ષીને એક પ્રેસ રિલીઝ જાહેર કરી છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પોતાના નિવેદનમાં કહ્યું છે કે સુરક્ષા પરિષદ મહિલા વિશ્વવિદ્યાલયો પર પ્રતિબંદ અંગેના અહેવાલોથી ખૂબ જ ચિંતિત છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે તાલિબાનને શાળાઓ ફરીથી ખોલવાનું અને મહિલાઓ વિરૂદ્ધ બનાવવામાં આવેલી તેની નીતિઓ અને પ્રથાઓને ઝડપથી બદલવાનું આહવાન કર્યુ છે. સુરક્ષા પરિષદે એવા અહેવાલોથી પણ ચિંતિત છે કે તાલિબાને બિન-સરકારી સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોની મહિલા કર્મચારીઓને કામ પર જવા પર પ્રતિબંધ મૂક્યો છે. તેને અનુલક્ષીને UNSCએ કહ્યું હતું કે આ નિર્ણયોથી દેશમાં માનવતાવાદી કાર્યો પર મોટી અસર પડશે.

# અમેરિકા અને ભારતમાં ફરી ટ્વિટર ડાઉન થતા લોકો હેરાન-પરેશાન

**વોશિંગ્ટન**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર બુધવાર અને ગુરુવારની રાતે હજારો યુઝર્સ માટે ડાઉન રહ્યું હતું. ન્યૂઝ એજન્સી રોયટર્સના આઉટેજ ટ્રેકિંગ વેબસાઈટ ડાઉનડિટેક્ટર ડોટ કોમના હવાલેથી જણાવ્યું છે કે, અમેરિકામાં હજારો યુઝર્સને આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ૧૦,૦૦૦થી વધારે યુઝર્સને સંયુક્ત રાજ્ય અમેરિકામાં સાંજે લગભગ ૭.૪૦ વાગ્યએ આ સમસ્યાનો સામનો કરવો પડયો હતો. અમુક યુઝર્સ એવી પણ ફરિયાદ કરી રહ્યા હતા કે, તેમના ટ્વિટર નોટિફિકેશન કામ નથી કરી રહ્યું. તો વળી ભારતમાં પણ ગુરુવારે સવારે તમામ યુઝર્સે આ સંબંધમાં ફરિયાદ કરી હતી.

# ફિલિપાઈન્સમાં પૂરે તબાહી મચાવી 13 નાગરિકોના મોત, જ્યારે 23 ગૂમ

**મનિલા**

ફિલિપાઈન્સમાં પૂરના કારણે ભારે તબાહી સર્જાઈ છે. ક્રિસમસના દિવસે ભારે વરસાદ બાદ દેશના અનેક શહેરોમાં પૂરની સ્થિતિ છે. મનીલામાં મંગળવારે અચાનક આવેલા પૂરના કારણે 13 લોકોના મોત થયા હતા જ્યારે 23 લોકો ગુમ થયા હતા. મળતી માહિતી મુજબ ગુમ થયેલા લોકો માછીમારો છે. ડિઝાસ્ટર એજન્સીએ જણાવ્યું હતું કે ખરાબ હવામાન સાથે સંકળાયેલા જોખમો હોવા છતાં ગુમ થયેલા માછીમારો સમુદ્રમાં ગયા હતા. બીજી તરફ પૂરના કારણે 45 હજારથી વધુ લોકોને ઘર છોડીને કેમ્પમાં રહેવાની ફરજ પડી છે. નદીઓમાં અચાનક પાણીનો વધારો થવાને કારણે 12 રસ્તાઓ ડૂબી ગયા હતા અને અસરગ્રસ્ત વિસ્તારમાં 20થી વધુ જગ્યાએ પાવર કટ થઈ ગયો હતો. આ સ્થળોએ હજુ પણ વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી નથી. ભારે વરસાદ અને ત્યાર પછીના ફ્લેશ પૂર એક શીયર લાઈનથી પરિણમ્યા હતા. પૂરની સ્થિતિ સર્જાતા વહીવટી તંત્રએ વિસ્તારોમાં વરસાદથી ભૂસ્ખલનની શક્યતા વ્યક્ત કરી છે.

# આર્થિક કટોકટીને કારણે પાકિસ્તાને USમાં દુતાવાસની પ્રોપર્ટી વેચવા કાઢી

**ન્યૂયોર્ક**

પાકિસ્તાન ઘણા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. આઈએમએફ જેવી આંતરરાષ્ટ્રીય નાણાકિય સંસ્થાઓ અને આર્થિક સ્ત્રોતોની મદદથી ગાડુ ગબડાવે છે. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે વિદેશમાં પોતાની સંપતિ વેચીને દુતાવાસનો ખર્ચ ઉઠાવવો પડે છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકાના વોશિંગ્ટનમાં આવેલા પાકિસ્તાની દૂતાવાસની બિલ્ડિંગની હરાજી કરવામાં આવી રહી છે. પાકિસ્તાનના અખબાર ડોનના જણાવ્યા અનુસાર નીલામી ૬.૮ મિલિયન ડોલરની સૌથી ઉંચી બોલી એક યહૂદી ગ્રુપ દ્વારા બોલવામાં આવી છે. આ ઈમારતમાં આ ગ્રુપ સિનેગોંગ બનાવવા ઇચ્છે છે.

૧૯૭૨
કેનેડા આગમન-વસવાટના
૫૦ વર્ષ નિમિત્તે સૂવર્ણ જયંતિના

CELEBRATING 50 years 1972/2022

ઉપલક્ષમાં મોન્ટ્રીઅલ શહેરમાં
ભવ્ય સત્કાર સમારોહનું આયોજન
JUNE, JULY 2023

વર્ષ ૧૯૭૨ કે તે પહેલાં જે ભાઈ-બહેનો મોન્ટ્રીઅલ, કેનેડા ખાતે સ્થાયી થવા આવ્યા હતા તેઓ સૌને પોતાના નામો (ફોન નંબર, E-mail સહિત) નીચેના કાર્યકર્તાઓનો જણાવવા વિનંતી કરવામાં આવે છે. વધુ સચોટ માહિતી આવનાર સમયમાં જણાવવામાં આવશે.

:: સંપર્ક ::

રવિન્દ્ર ડી. પટેલ (ઓંજલ) : +1(514) 887-7284 (ravipanna@hotmail.com)
જેરામભાઈ આર. પટેલ (મોટી પેથાણ) : +1(514) 677-1089 (jeram75@gmail.com
ભરતભાઈ ગાંધી (નવસારી) : 514-620-1889 (karshanghela@hotmail.com
કનુભાઈ કે. પટેલ (આટ) : 514-748-9676 (kanu.aat45@gmail.com
અરવિંદ જે પટેલ (આટ) : (91) 9016564449 (1950arvindpatel@gmail.com
અરવિંદ બી. પટેલ (ચીજગામ, ટોરેન્ટો) : +1(905)897-2178

Confused ??
Which Country to Choose ..
Get 1-1 Counseling
- PR & PNP Program
- Business visa
- Student visa(All Countries)
- Family Sponsorship
- LMIA - Work permit
- PR based PNP job offer
- IEC without IELTS

Book Your Seats Now!!

CANADA
94- 499 Main Street South,
Shoppers World Mall, Brampton, Ont.
Ph : 416-745-2466, 905-230-7855

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
AMI MEHTA
Coming to India
2nd Dec. - 20th Jan.



Canadian Authorized Experienced Immigration Lawyer

+91-98255 56911 | +91-98256 79911 CANADA (H.O) | VADODARA| A'BAD


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030
https://clubceramic.com Email : sales@clubceramic.com


Chaat Ter Box
New Year
2023
1st in North America
LIVE PANI PURI
"Pani Puri Bole To Chaatter Box Ni"
SCAN ME
Mon 5 p.m. to 12 a.m.
Tue / Wed 11 a.m. to 12 a.m.
Thu / Fri / Sat / Sun 11 a.m. to 02 a.m.
416-741-0442
We Do Catering!!!
Google ★★★★★
127 Westmore Drive, Unit 109, Toronto